RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 17-09-2026 I VOL : 12 I Issue : 182 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

સપના જુઓ, મહેનત કરો, વિશ્વાસ રાખો અને સફળતા જરૂર મળશે.

3  ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ગીતાબેન પટેલનો પુત્ર હરીકેશ પટેલ નકલી...

4  ભારતના યુગપુરુષ અને વૈશ્વિક નેતા: નરેન્દ્ર મોદી

6  દિશા પટણીના ગણપતિ પૂજાના કપડાં જોઈ ભડક્યા યુઝર્સ

7  અભિષેક શર્મા ICC ટી-20 બેટિંગ રેન્કિંગમાં નંબર-2 પર પહોંચ્યો

### એક નજર...

#### કરિશ્મા શર્માનો બ્લૂ પ્રિન્ટેડ શોર્ટ ડ્રેસમાં ગ્લેમરસ અવતાર



કરિશ્મા શર્મા તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર બોલ્ડ તસવીરો શેર કરીને ચાહકોમાં અવારનવાર ચર્ચામાં રહે છે. જેને જોઈને તમે પણ અભિનેત્રીની સુંદરતાથી પ્રભાવિત થઈ જશો. કરિશ્મા શર્માને ઈન્સ્ટાગ્રામ પર 2.3 મિલિયન લોકો ફોલો કરે છે. તાજેતરમાં અભિનેત્રીએ કેટલીક તસવીરો શેર કરી છે. જે સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહી છે.

### NEWS TRACK

#### યુરોપમાં ગરમીથી 35,000 લોકોના મોત:નદીઓ સુકાઈ, યુરોપિયન યુનિયને ઉનાળાને આપત્તિ ગણાવી

યુરોપમાં આ વર્ષે ભીષણ ગરમીએ મોટી તબાહી મચાવી છે. હીટવેવથી લગભગ 35 હજાર લોકોના મોત થયા, ઘણી નદીઓ સુકાઈ ગઈ અને જંગલોમાં આગ લાગી. પરિસ્થિતિને જોતા યુરોપિયન યુનિયન (EU) હવે ગરમીને પણ મોટી આફત માનીને તેનો સામનો કરવા માટે નવી સિસ્ટમ બનાવવાની તૈયારી કરી રહ્યું છે. યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેને બુધવારે કહ્યું કે આ વર્ષની ગરમીએ યુરોપને મોટો પાઠ શીખવ્યો છે. ભીષણ ગરમીના કારણે યુરોપની ઘણી મોટી નદીઓમાં પાણી ઓછું થઈ ગયું. તેમાં ડેન્યુબ, રાઈન અને ફ્રાન્સની ગારોન નદી પણ સામેલ છે. વોન ડેર લેયેને કહ્યું કે ઘણી હોસ્પિટલો અને વૃદ્ધોના કેર હોમ એટલી બધી ગરમીની ઝપેટમાં આવી ગયા કે ત્યાં રહેવું મુશ્કેલ બની ગયું. તેમના મતે, ગરમીની અસર શરૂઆતના અનુમાન કરતાં ઘણી વધારે રહી. ખતરાવાળા 100 વિસ્તારોની ઓળખ કરશે EU આ વર્ષે યુરોપના ઘણા દેશોમાં જંગલોમાં ભયાનક આગ લાગી. તેનાથી લગભગ 6.60 લાખ હેક્ટર જમીન બળી ગઈ અને લગભગ 1.2 કરોડ ટન પાક બરબાદ થઈ ગયો.

#### UAEએ 4 હજાર બાંગ્લાદેશીઓના વિઝા રદ કર્યા:વર્ષોથી UAEમાં હતા, રજા પરથી પાછા ફર્યા તો વિઝા રદ

સંયુક્ત આરબ અમીરાત (UAE)એ 4 હજારથી વધુ બાંગ્લાદેશીઓના વિઝા રદ કર્યા છે. તેમાં ઘણા એવા લોકો છે, જેઓ UAEમાં નોકરી કે વ્યવસાય કરતા હતા અને રજાઓ ગાળવા બાંગ્લાદેશ ગયા હતા. આ લોકો હવે UAE પાછા જઈ શકતા નથી. આ લોકોના વિઝા રદ કરવાનું કોઈ સ્પષ્ટ કારણ જણાવવામાં આવ્યું નથી. ઘણા લોકોને ઈમેલ કે મોબાઈલ મેસેજ દ્વારા તેની જાણકારી મળી. બાંગ્લાદેશ સરકારે આ મામલો રાજદ્વારી સ્તરે UAE સમક્ષ ઉઠાવ્યો છે અને વિઝા રદ કરવાના કેસોની ફરીથી તપાસની માંગ કરી છે. પ્રભાવિત લોકોએ સરકારને 22 સપ્ટેમ્બર સુધીમાં ઉકેલ લાવવાનો સમય આપ્યો છે. 27 વર્ષથી UAEમાં હતા, રજા પરથી પાછા ફર્યા તો વિઝા રદ જે લોકોના વિઝા રદ થયા છે તેમાં અબુલ કલામ આઝાદનો પણ સમાવેશ થાય છે. તેઓ છેલ્લા 27 વર્ષથી UAEમાં રહેતા હતા. 7 એપ્રિલે રજા પર બાંગ્લાદેશ પાછા ફર્યા હતા. લગભગ સાડા ત્રણ મહિના પછી 24 જુલાઈએ તેમને ઈમેલ મળ્યો, જેમાં જણાવવામાં આવ્યું હતું.

## રાહુલ ગાંધીએ UPI ચાર્જ મુદ્દે PM મોદી પર પ્રહારો કર્યા

# મોદીજી હિંમત બતાવો, UPI ટેક્સ પાછો લો: રાહુલ એ ટ્રમ્પનું નામ લઈ PM પર સાધ્યું નિશાન

**રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જવાનો આરોપ લગાવ્યો અને આ પ્રસ્તાવિત ટેક્સ તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી. તેમણે કહ્યું કે, આનાથી સામાન્ય લોકો પર બોજ પડશે.**



નવી દિલ્હી

કેન્દ્ર સરકાર દ્વારા 15 ઓક્ટોબરથી રૂ.2,000થી વધુના મર્ચન્ટ UPI વ્યવહારો પર 0.4% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગુ કરવાના નિર્ણય સામે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવ્યું છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જવાનો ગંભીર આરોપ લગાવતા આ પ્રસ્તાવિત ટેક્સ તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી છે. રાહુલ ગાંધીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના એક ઐતિહાસિક કિસ્સાને ટાંકીને પીએમ મોદી પર આકરો કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે, ઈન્દિરાજીને એકવાર પૂછવામાં આવ્યું હતું કે તેઓ ડાબે ઝૂકે છે કે જમણે? ત્યારે તેમણે કહ્યું હતું કે હું ટટ્ટાર ઊભી રહું છું. પરંતુ મોદીજીનો કન્સેપ્ટ સાવ અલગ છે. તેઓ ન તો લેફ્ટ છે કે ન તો રાઈટ; તેમણે સીધા ડોનાલ્ડ ટ્રમ્પ સામે નતમસ્તક થઈ જવાનો નિર્ણય કર્યો છે. મોદીજી, કૃપા કરીને અમેરિકા સામે ઝૂકવાનું બંધ કરો, થોડી હિંમત બતાવો, ટટ્ટાર ઊભા રહો અને આ UPI ટેક્સ પાછો લો. UPI પર ટેક્સ લાદીને સરકારે દરેક ભારતીય પર બોજ નાખ્યો છે અને અમેરિકન કંપનીઓને ભારે કમાણી કરવાની તક આપી દીધી છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિગતવાર પોસ્ટ શેર કરીને આક્ષેપ કર્યો કે સરકારે ગુપચુપ રીતે UPI પર ચાર્જ લગાવવાનો રસ્તો ખોલી દીધો છે.

## કરણી સેનાએ ભાજપની યોગી સરકારનું ટેન્શન વધાર્યું, યુપીમાં 50 બેઠક પર ઉતારશે ઉમેદવાર

ઉત્તર પ્રદેશમાં 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકીય ગરમાવો વધી ગયો છે. કરણી સેનાએ રાજ્યની 50 વિધાનસભા બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. કરણી સેનાના આ નિર્ણયથી યુપીના રાજકીય સમીકરણોમાં મોટો ઉલટફેર થવાની શક્યતા સેવાઈ રહી છે. કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સૂરજપાલ સિંહ અમ્મુ(Surajpal Singh Amu)એ જણાવ્યું કે, 'કરણી સેના પૂરા દમ સાથે યુપીના ચૂંટણી મેદાનમાં ઉતરશે. હાલની રાજનીતિ માત્ર ઓબીસી કેન્દ્રિત થઈ ગઈ છે, બધાને માત્ર ઓબીસીની ચિંતા છે અને સવર્ણોના મુદ્દા પર કોઈ બોલવા તૈયાર નથી.

## UPI ચાર્જ પર વિપક્ષના હોબાળા બાદ કેન્દ્ર સરકારનો બચાવ: કોઈ વિદેશી દબાણ નથી, સિસ્ટમ સ્વનિર્ભર થશે

નવી દિલ્હી

UPI ટ્રાન્ઝેક્શન્સ પર 15 ઓક્ટોબર, 2026થી અમલમાં આવનારા નવા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ(MDR) ને લઈને શરૂ થયેલા રાજકીય વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે સત્તાવાર સ્પષ્ટતા કરી છે. વિપક્ષી પક્ષ કોંગ્રેસ દ્વારા અમેરિકન કાર્ડ કંપનીઓને લાભ પહોંચાડવા અને વિદેશી દબાણ હેઠળ આ ચાર્જ લાદવામાં આવ્યો હોવાના આક્ષેપોને નાણા મંત્રાલયે સ્પષ્ટપણે ફગાવી દીધા છે. સરકાર આ મુદ્દે હાલ બેકફૂટ પર છે ત્યારે નાણા મંત્રાલયે સફાઈ આપી છે કે ભારત પોતાના નીતિગત નિર્ણયો સ્વાયત્ત રીતે લે છે અને આ નિર્ણય ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને ટકાઉ, સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવવા માટે લેવામાં આવ્યો છે. આ સમગ્ર વિવાદની શરૂઆત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ જયરામ રમેશના નિવેદન બાદ થઈ હતી.

# બોપલ પોલીસ સ્ટેશનમાં GRD જવાન વહીવટદાર? મેહુલ પંચાલ સામે ગંભીર આક્ષેપો

## અઢળક સંપત્તિ, દારૂ-જુગાર અને ડ્રગ્સના નેટવર્ક સામે 'પાક્કો ગુજરાત'નો ઘટસ્ફોટ!

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સૌથી પોશ ગણાતા બોપલ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ લથડી હોવાના સનસનાટીભર્યા અહેવાલો સામે આવ્યા છે. બોપલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો એક સામાન્ય GRD (ગ્રામ રક્ષક દળ) જવાન મેહુલ પંચાલ કથિત રીતે આખા પોલીસ સ્ટેશનનો 'વહીવટદાર' બની બેઠો હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. એક સામાન્ય પગારદાર GRD જવાન પાસે અચાનક અઢળક સંપત્તિ ક્યાંથી આવી? શું ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ અને એન્ટી કરપ્શન બ્યુરો (ACB) આ કથિત વહીવટદારની બેનામી મિલકતોની નિષ્પક્ષ તપાસ કરશે? આ સવાલ હાલ સમગ્ર બોપલ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### દારૂ, જુગાર, કેમિકલયુક્ત લિકર અને MD ડ્રગ્સનું બેફામ નેટવર્ક: યુવાધન તારાજ

સ્થાનિક વર્તુળો અને સૂત્રોના જણાવ્યા મુજબ, બોપલ વિસ્તારમાં દેશી-વિદેશી દારૂના અડ્ડા, જુગારધામ અને ઘાતક MD ડ્રગ્સનું નેટવર્ક બેફામપણે ચાલી રહ્યું છે. અગાઉ રાજ્યમાં બનેલી લઠ્ઠાકાંડ જેવી ગંભીર હોનારતોમાંથી પણ બોપલ પોલીસે કોઈ સબક લીધો નથી.

બોપલમાં કેમિકલયુક્ત ઝેરી દારૂ ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે, જે સીધેસીધું બીજા લઠ્ઠાકાંડને આમંત્રણ આપી રહ્યો છે. બુટલેગરોને ખાખીનો કોઈ ખોફ રહ્યો નથી અને પરિણામે વિસ્તારનું યુવાધન નશાના ઘાતક રવાડે ચડીને બરબાદ થઈ રહ્યું છે.




### વિદેશી યુવતીઓ દ્વારા સ્પાની આડમાં ગોરખધંધા: પૈસાના મોહમાં પોલીસ મૌન?

ચોંકાવનારી વિગતો મુજબ, બોપલના પોશ વિસ્તારોમાં આવેલા સ્પા સેન્ટરોમાં વિદેશી યુવતીઓને રાખીને ગેરકાયદેસર અને અસમાજિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. કથિત વહીવટદાર અને પોલીસના કેટલાક ભ્રષ્ટ તત્વોના હપ્તાખોરીના મોહને કારણે આ તમામ કાળા કારોબારને ખુલ્લો પરવાનો મળી ગયો હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. સ્થાનિક પી.આઈ. (પોલીસ ઈન્સ્પેક્ટર)ને આ બાબતની જાણ નથી કે પછી પૈસાની લાલચમાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે? તે મોટો પ્રશ્ન છે.

### શું LCB અને જિલ્લા પોલીસ વડા (SP) અજાણ છે? ઉચ્ચસ્તરીય તપાસની માંગ

સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે અમદાવાદ જિલ્લા LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ જિલ્લા પોલીસ વડા (SP) આ તમામ ગોરખધંધાઓથી ખરેખર અજાણ છે કે પછી તેમની સમક્ષ ચિત્ર અલગ રજૂ કરવામાં આવી રહ્યું છે?

ગૃહમંત્રી હર્ષ સંઘવી રાજ્યમાં ડ્રગ્સ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ દાખવે છે, ત્યારે બોપલ પોલીસ સ્ટેશનના આ કથિત વહીવટદાર અને સમગ્ર હપ્તાખોરી રેકેટ સામે ઈડી, ઈનકમ ટેક્ષ અને તટસ્થ એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ થાય તેવી બોપલની જનતા આશા રાખી રહી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## અંકલેશ્વર સોલિડ વેસ્ટ પ્લાન્ટમાં કરોડોના કૌભાંડનો આક્ષેપ : ટેન્ડર પ્રક્રિયામાં ₹1 કરોડના એડવાન્સ ચુકવણા

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર નગર સેવા સદન દ્વારા સંચાલિત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર અંગે કોંગ્રેસે તત્કાલીન શાસકો અને વહીવટીતંત્ર પર ગંભીર આક્ષેપો કર્યા છે.

ટેન્ડરની શરતોનો ભંગ, બોગસ બિલિંગ અને પર્યાવરણના નિયમોની અણદેખી સામે આવ્યા બાદ વિપક્ષે આ મુદ્દે કડક તપાસની માંગ કરી છે. બીજી તરફ નગરપાલિકા પ્રમુખે આ તમામ આક્ષેપોને રાજકીય રીતે ઉપજાવી કાઢેલા ગણાવીને ફગાવી દીધા છે. કોંગ્રેસ નેતા ભુપેન્દ્ર જાનીએ આક્ષેપ કર્યો છે કે કચરા પ્રોસેસિંગ પ્લાન્ટની ટેન્ડર પ્રક્રિયા ચાલુ હતી તે સમયે જ તત્કાલીન પાલિકા પ્રમુખ દ્વારા એજન્સીને 1 કરોડ એડવાન્સ ચૂકવી દેવાયા હતા. આટલી મોટી રકમ આપવા છતાં કોઈ કાયદેસરનો કરાર કે લખાણ કરવામાં આવ્યું ન હોવાનો ગંભીર દાવો કરાયો છે. સુરત ઝોનના પ્રાદેશિક કમિશનરની તપાસ બાદ આ બાબતો પ્રકાશમાં આવી છે.

## અંકલેશ્વર પોલીસે કતલના ઈરાદે લઈ જવાતી 12 ભેંસ છોડાવી: 2 પકડાયા

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે ને.હાઈવે-48 પર અમરતપરા પાટીયા અને મોતાલી પાટીયા વચ્ચે અમરાવતી ખાડીના બ્રિજ પાસેથી કતલના ઈરાદે ધુલિયા લઈ જવાતી 12 ભેંસોને મુક્ત કરાવી છે. ગૌરક્ષકો સાથે મળીને પોલીસે બાતમીના આધારે ભેંસો ભરેલા આઈસર ટેમ્પોને અટકાવી તપાસ હાથ ધરી હતી. પોલીસે આઈસર ટેમ્પોની તપાસ કરતાં તેમાં 12 જેટલી ભેંસોને ખીચોખીચ ભરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તમામ પશુઓને મુક્ત કરાવી કબજામાં લીધા હતા. આ કાર્યવાહી દરમિયાન પોલીસે રૂ.2.40 લાખની કિંમતના પશુઓ, રૂ.6 લાખનો આઈસર ટેમ્પો અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ.8.58 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આ મામલે સેલંબાના જમાદાર ફળિયામાં રહેતા ટેમ્પો ચાલક અકબર રમજુ મકરાણી અને ક્લીનર સાજીદ વલ્લી પટેલની ધરપકડ કરી હતી.

## સુરતના સારોલીમાં સાલાસર ટેક્સટાઈલ માર્કેટમાં ભીષણ આગ: અફરાતફરીનો માહોલ સર્જાયો

સુરત

કાપડ નગરી સુરતના સારોલી વિસ્તારમાંથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. સારોલી સ્થિત આવેલી પ્રસિદ્ધ સાલાસર ટેક્સટાઈલ માર્કેટમાં અચાનક ભીષણ આગ ભભકી ઊઠતાં સમગ્ર માર્કેટ અને આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

માર્કેટમાં ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈને વેપારીઓ અને ગ્રાહકોમાં નાસભાગ મચી ગઈ હતી. બનાવની જાણ થતાં જ માર્કેટના સિક્યોરિટી સ્ટાફ અને વેપારીઓએ સતર્કતા દાખવીને લોકોને સુરક્ષિત બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી.

ટેક્સટાઈલ માર્કેટમાં કાપડનો જથ્થો મોટા પ્રમાણમાં હોવાથી આગ ઝડપથી ફેલાવાની દહેશત ઊભી થઈ હતી, જેના કારણે આસપાસની દુકાનોના વેપારીઓમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

આગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તુરંત જ સુરત ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

## પૂરપાટ ઝડપે આવેલા અજાણ્યા વાહને અજાણ્યા આધેડ/યુવકને કચડ્યો, ઘટનાસ્થળે જ દર્દનાક મોત

ભરૂચ

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં આવેલી રાજ્ય ધોરીમાર્ગ પર અકસ્માતોની હારમાળા અટકવાનું નામ નથી લઈ રહી. આમોદ તાલુકાના ચકલાદ ગામના પાટિયા નજીક રાત્રિના ઘનઘોર અંધારામાં એક ભયાનક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. પૂરપાટ ઝડપે અને બેદરકારીપૂર્વક આવી રહેલા કોઈ અજાણ્યા વાહનચાલકે રસ્તા પરથી પસાર થઈ રહેલા એક અજાણ્યા ઈસમને જોરદાર અડફેટે લેતાં તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું છે. આમોદ પોલીસ સૂત્રો પાસેથી મળતી પ્રાથમિક વિગતો મુજબ, ચકલાદ પાટિયા પાસે રાત્રિના સમયે આ કરુણ દુર્ઘટના સર્જાઈ હતી. વાહનની ટક્કર એટલી ભયાનક હતી કે ઈસમ જમીન પર પટકાતાં જ તેને માથા તથા શરીરના અન્ય ભાગોમાં ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક માનવતા નેવે મૂકીને, લોહીલુહાણ હાલતમાં ઘવાયેલા વ્યક્તિને સારવાર અપાવવાને બદલે અંધારાનો લાભ ઉઠાવી પોતાનું વાહન લઈને ક્ષણવારમાં સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

## ફેસબુક પર ફ્રેન્ડશિપ કરી વેપારી પાસેથી 3.05 લાખ પડાવતી શાતિર ટોળકી જેલભેગી

ભાવનગર

સંસ્કારી નગરી ભાવનગરમાં સોશિયલ મીડિયાના માધ્યમથી લૂંટ ચલાવતી હનીટ્રેપ ગેંગનો સ્થાનિક ક્રાઈમ બ્રાંચે પર્દાફાશ કર્યો છે. ફેસબુક પર સુંદર યુવતીના નામે મિત્રતા કેળવી, પ્રેમજાળમાં ફસાવી અને બાદમાં નકલી પોલીસ બનીને એન્કાઉન્ટરની ધમકી આપી એક વેપારી પાસેથી રૂ. ૩.૦૫ લાખ બળજબરીથી કઢાવી લેનારી ટોળકીને પોલીસે દબોચી લીધી છે. બનાવની વિગતો અનુસાર, ભાવનગરના એક વેપારીને ફેસબુક પર એક મહિલાની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. મહિલાએ મીઠી-મીઠી વાતોમાં ફસાવીને વેપારીને સાળંગપુર દર્શન કરવા જવા માટે રાજી કર્યા હતા. વેપારી પોતાની કારમાં મહિલા સાથે સાળંગપુર દર્શન કરવા ગયા અને ત્યાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે સાત રોડ વિસ્તાર કે રસ્તા પર ગેંગના સાગરીતોએ કાર રોકી પ્લાન મુજબ ખેલ ખેલ્યો હતો. દર્શન કરીને પરત ફરતી વખતે કાળા રંગની કારમાં આવેલા શખ્સોએ પોતાની ઓળખ 'અમદાવાદ ક્રાઈમ બ્રાંચ'ના સ્ટાફ તરીકે આપી હતી.

### NPCIની નવી ગાઈડલાઈનથી વેપારીઓ અને આમ જનતામાં ચિંતા

# 15 ઓક્ટોબરથી UPI પેમેન્ટ પર લાગશે નવો ચાર્જ!, મોંઘવારીના માર વચ્ચે વધારાના બોજ સામે ઉઠ્યા સવાલો

અમદાવાદ

ડિજિટલ ઈન્ડિયાના યુગમાં દેશભરમાં ચા ની દુકાનથી લઈને મોટા શોપિંગ મોલ સુધી વપરાતા UPI (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ)ને લઈને એક મોટો નિર્ણય સામે આવ્યો છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા UPI (Person-to-Merchant - P2M) વ્યવહારો માટે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) સંબંધિત નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ નવા નિયમો ૧૫ ઓક્ટોબર ૨૦૨૬થી દેશભરમાં અમલમાં આવશે. એક તરફ મોંઘવારીથી પીસાતી જનતા અને વેપારીઓ આ ફેરફારોને વધારાના આર્થિક બોજ તરીકે જોઈ રહ્યા છે, ત્યારે આ નવા માળખાને લઈને બજારમાં ભારે ચર્ચા જાગી છે. NPCI દ્વારા જાહેર કરાયેલા નવા નિયમો મુજબ અલગ-અલગ કેટેગરી માટે ચાર્જનું માળખું નક્કી કરવામાં આવ્યું છે: ગ્રાહકો અને P2P માટે મફત: સામાન્ય ગ્રાહકો માટે UPI નો ઉપયોગ પહેલાંની જેમ જ સંપૂર્ણપણે મફત રહેશે. મિત્રો કે પરિવારને પૈસા મોકલવાના (Person-to-Person) વ્યવહારો પર કોઈ ચાર્જ લાગશે નહીં.

૨,૦૦૦થી વધુ રકમના મર્ચન્ટ પેમેન્ટ પર ૦.૪% MDR લાગુ થશે, જે ચૂકવવાની જવાબદારી વેપારીની રહેશે. ૭૫,૦૦૦ કે તેથી વધુના મોટા ટ્રાન્ઝેક્શન માટે ચાર્જની મહત્તમ મર્યાદા ૩૦૦ નક્કી કરાઈ છે.

દર મહિને ૧ લાખ સુધીનું કલેક્શન ધરાવતા નાના વેપારીઓ (P2PM કેટેગરી) માટે MDR શૂન્ય રહેશે. ૨,૦૦૦ સુધીના ૯૫%થી વધુ નાના વ્યવહારો પર પણ કોઈ MDR નહીં લાગે.

પેટ્રોલ/ડીઝલ, રેલવે, વીમા અને વીજળી-પાણીના બિલ જેવા ક્ષેત્રોમાં ૨,૦૦૦થી વધુના વ્યવહાર પર ૫નો ફ્લેટ MDR લાગશે.

મ્યુચ્યુઅલ ફંડ, સ્ટોક બ્રોકિંગ અને સિક્યોરિટીઝના વ્યવહારો માટે ૦.૦૨% MDR (મહત્તમ ૩૦૦ની મર્યાદા) નક્કી કરાયો છે.

જોકે કાગળ પર આ ચાર્જ વેપારીઓ પાસે વસૂલવાનો દાવો કરવામાં આવ્યો છે, પરંતુ વેપારી આલમમાં ભારે ગણગણાટ શરૂ થઈ ગયો છે. નાના અને મધ્યમ વર્ગના વેપારીઓનું માનવું છે કે ૦.૪% નો MDR ચાર્જ અંતે તો માલસામાનના ભાવ વધારીને સામાન્ય ગ્રાહકો પર જ નાખવામાં આવશે. પહેલેથી જ મોંઘવારીથી કમર તૂટી ગઈ છે ત્યારે ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર આ પ્રકારના ચાર્જ કેમ?

**UPI પર ટેક્સ ઝીંકી મોદી સરકારે દેશની જનતાની પીઠમાં ખંજર ભોંક્યું: કોંગ્રેસનો ધડાકો! |** અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત સંગઠન પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરીએ એક સંયુક્ત અખબારી યાદી દ્વારા કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસ નેતાઓએ આક્ષેપ કર્યો છે કે, કેન્દ્ર સરકાર રૂ. ૨૦૦૦થી વધુના UPI ટ્રાન્ઝેક્શન્સ પર ટેક્સ લાદીને દેશની આમ જનતા સાથે ખુલ્લેઆમ છેતરપિંડી અને વિશ્વાસઘાત કરી રહી છે. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું કે, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ કેન્દ્ર સરકાર અને NPCI દ્વારા P2M (પર્સન-ટુ-મર્ચન્ટ) ટ્રાન્ઝેક્શન્સ પર ૦.૪% ટેક્સ લાદવાની જાહેરાત કરવામાં આવી છે, જે ૧૫ ઓક્ટોબર ૨૦૨૬થી લાગુ થશે. આ નિર્ણયને દેશના ઈતિહાસમાં 'ડિજિટલ યુ-ટર્ન' ગણાવતા તેમણે ઉમેર્યું કે, સરકાર પાસે સંસદની મંજૂરી વિના આ ટેક્સનો દર ૧% કે ૨% સુધી વધારવાની અને P2P (વ્યક્તિથી વ્યક્તિ) સહિતની તમામ શ્રેણીઓ પર લાદવાની મનસ્વી સત્તા આવી ગઈ છે. અખબારી યાદીમાં ગંભીર આક્ષેપ કરાયો છે કે, 'ધ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટ'ના સેક્શન ૧૦-A માં ગુપચુપ સુધારો કરીને આ ટેક્સ લાદવામાં આવ્યો છે. ભારતમાં થતા ૮૦% UPI ટ્રાન્ઝેક્શન 'ફોન પે' અને 'ગૂગલ પે' જેવી વિદેશી/અમેરિકન કંપનીઓ દ્વારા થાય છે.

### સરકારી નોકરીના ઉમેદવારો માટે મહાકસોટીનો પ્રારંભ

## ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા CCE પરીક્ષા શરૂ

અમદાવાદ

ગુજરાતમાં સરકારી ક્ષેત્રે વર્ગ-3ની ભરતીઓ માટે આતુરતાથી રાહ જોઈ રહેલા લાખો યુવાનો માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (GSSSB) દ્વારા કમ્બાઈન્ડ કમ્પ્યુટર બેઝ્ડ રેક્રુટમેન્ટ ટેસ્ટ (CCE) સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. રાજ્યભરમાંથી કુલ 4.58 લાખથી વધુ ઉમેદવારો નોંધાયા છે, જેમના માટે 29 સપ્ટેમ્બર સુધી તબક્કાવાર પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના સૌથી મોટા શૈક્ષણિક અને પરીક્ષા હબ ગણાતા અમદાવાદ શહેરમાં ઉમેદવારો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ ખાતે કુલ 17 જેટલા સુસજ્જ પરીક્ષા સેન્ટરો ફાળવાયા છે, જ્યાં એક લાખથી વધુ ઉમેદવારો કમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (CBRT) આપશે. સેન્ટરો



પર સુરક્ષા અને ગેરરીતિ અટકાવવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાથી મોનિટરિંગ ગોઠવવામાં આવ્યું છે. ગૌણ સેવા મંડળ દ્વારા આયોજિત CCE ની પ્રથમ તબક્કાની પ્રિલિમિનરી પરીક્ષા કમ્પ્યુટર મોડ પર લેવાઈ રહી છે. પરીક્ષામાં ગણિત, રીઝનિંગ, અંગ્રેજી અને ગુજરાતી જેવા વિષયો આવરી લેતા હેતુલક્ષી (MCQ) પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે. ઉમેદવારોને નિર્ધારિત સમય કરતાં 1 કલાક પહેલાં પરીક્ષા કેન્દ્ર પર પહોંચવા સૂચના આપવામાં આવી છે. બાયોમેટ્રિક વેરિફિકેશન અને સરકારી ઓળખપત્ર ચકાસ્યા બાદ જ ઉમેદવારોને લેબમાં પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

વર્ગ-3ની જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક અને હેડ ક્લાર્ક સહિતની વિવિધ કેડરની જગ્યાઓ માટે યોજાઈ રહેલી આ પરીક્ષા માટે રાજ્યભરમાંથી પરીક્ષાર્થીઓ કેન્દ્રો પર પહોંચી રહ્યા છે. પરીક્ષા કેન્દ્રો નજીક વાહનવ્યવહાર ખોરવાય નહીં અને ઉમેદવારોને કેન્દ્ર શોધવામાં તકલીફ ન પડે તે માટે સ્થાનિક ટ્રાફિક પોલીસ અને ગૌણ સેવા મંડળની ટીમો સતત કાર્યરત રાખવામાં આવી છે. 29 સપ્ટેમ્બર સુધી આ મહાપરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થાય તે માટે મંડળ દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

## 2 વર્ષના માસૂમ વિહાનના મોત બાદ આમોદના મછાસરા ગામની પંચાયત કુંભકર્ણની નિદ્રામાંથી જાગી!

ભરૂચ

તંત્રની ઘોર બેદરકારી અને ઉદાસીનતા ક્યારેક નિર્દોષોના જીવ લેતી હોય છે તેવો જ એક કરુણ અને રોષપૂર્વકનો બનાવ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના મછાસરા ગામે સામે આવ્યો છે. મછાસરા ગામે રસ્તા પર મોતના મુખ સમાન ખુલ્લી ગટરમાં ખાબકવાથી ૨ વર્ષના માસૂમ બાળક વિહાન શૈલેષ રાઠોડનું કરુણ મોત નિપજ્યું છે. માસૂમ વિહાનના અકાળે અકસ્માતથી સમગ્ર આમોદ પંથક અને મછાસરા ગામમાં ભારે અરેરાટી સાથે શોકની કાલિમા છવાઈ ગઈ છે. આ કરુણ દુર્ઘટના સર્જાયા બાદ અને બાળકના કરુણ મોત પછી જ મછાસરા ગ્રામ પંચાયતની ઊંઘ ઊડી છે. જે ખુલ્લી ગટર લાંબા સમયથી અકસ્માતને આમંત્રણ આપી રહી હતી, તેના



પર માસૂમના મોત બાદ ઉતાવળે ઢાંકણાં બેસાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્થાનિકો અને ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે કે જો આ કામગીરી સમયસર અને અગાઉથી કરવામાં આવી હોત તો આજે એક નિર્દોષ બાળકે પોતાનો જીવ ગુમાવવો પડ્યો ન હોત.

### ધડાકાથી ધ્રૂજી ઊઠી સાયખા GIDC

## વાગરાની મોરાડિયા કેમિકલ્સ કંપનીમાં ભયંકર બ્લાસ્ટ બાદ વિકરાળ આગ લાગી

ભરૂચ

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલી સાયખા જીઆઈડીસી (GIDC) માંથી એક હૃદયકંપાવનારી અને ચિંતાજનક ઘટના સામે આવી છે. સાયખા ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત 'મોરાડિયા કેમિકલ્સ' નામની ખાનગી કેમિકલ કંપનીમાં આજે અચાનક એક ભયંકર બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે તેનો કાન ફાડી નાખે તેવો અવાજ આવતાં જ આખો ઔદ્યોગિક વિસ્તાર ધણધણી ઊઠ્યો હતો. વિસ્ફોટની ક્ષણોમાં જ કંપની પરિસરમાં વિકરાળ આગ ભભકી ઊઠી હતી. બનાવની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે બ્લાસ્ટ બાદ લાગી ગયેલી આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આકાશને આંબતી ઊંચી અગનજ્વાળાઓ અને કાળા ડિબંગ ધુમાડાના ગોટેગોટા આશરે ૭ કિલોમીટર દૂરથી પણ સ્પષ્ટપણે જોઈ શકાતા હતા. સ્થાનિક લોકો અને રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો આ ભયાનક દ્રશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા.



ઘટનાના સમાચાર વાયુવેગે ફેલાતાં જ મોરાડિયા કેમિકલ્સ તેમજ આસપાસની અન્ય કંપનીઓમાં કામ કરતા કર્મચારીઓ અને ઉદ્યોગકારોમાં ભારે ફફડાટ અને ડરનો માહોલ છવાઈ ગયો હતો. જાન બચાવવા માટે કામદારોમાં નાસભાગ મચી ગઈ હતી અને ઘટનાસ્થળે ભારે અફરાતફરી સર્જાઈ હતી. ઘટના અંગે તુરંત જ ફાયર વિભાગ અને પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા જોઈને ભરૂચ અને આસપાસના વિસ્તારોમાંથી ફાયર બ્રિગેડની અનેક ગાડીઓ અને ફાયર ફાઈટરોની ટીમો તાબડતોબ સાયખા GIDC ખાતે પહોંચી ગઈ હતી. કેમિકલની આગ હોવાના કારણે તેને બુઝાવવા માટે ખાસ ફોમ ટેન્કરોનો ઉપયોગ કરીને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે. સદનસીબે, હાલ સુધી આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાના સત્તાવાર અહેવાલ સામે આવ્યા નથી. બ્લાસ્ટ કયા કારણોસર થયો અને આગ કઈ રીતે લાગી તે અંગે તંત્ર દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

### કુલ રૂ.2.77 લાખનો મુદ્દામાલ જપ્ત

## ભાયાવદર પોલીસે જુગારના બે અલગ-અલગ દરોડામાં 11 આરોપીઓ ઝડપ્યા!!

રાજકોટ

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર દ્વારા પ્રોહીબિશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નાબૂદ કરવા આપેલ 'ઝીરો ટોલરન્સ ટુ પ્રોહીબીશન એન્ડ ગેમ્બલિંગ' ની નીતિ અન્વયે ભાયાવદર પોલીસે જુગારના બે સફળ દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરી ઈનચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક ધોરાજી વિભાગના વી.જે.વ્યાસ ના માર્ગદર્શન હેઠળ ભાયાવદર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.જાડેજા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. પ્રથમ દરોડો ભાયાવદર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.જાડેજા અને તેમની ટીમને મળેલી ખાનગી બાતમીના આધારે ભાયાવદર ટાઉન વિસ્તારમાં આવેલી ફુલવાડી શેરીમાં રેઈડ કરવામાં આવી હતી. ત્યાં રહેતા અલ્પેશભાઈ અતુલભાઈ વેસરા પોતાના કબ્જા ભોગવટા વાળા મકાનમાં બહારથી માણસો બોલાવી, ગંજીપતાના પાના વડે તીનપત્તી રોનપોલીસ નામનો જુગાર રમાડી જુગારનો અખાડો ચલાવતા રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે આ દરોડા



દરમિયાન કુલ ૭ આરોપીઓની અટકાયત કરી છે, જેમાં (૧) અલ્પેશભાઈ અતુલભાઈ વેસરા, (૨) સલીમભાઈ મુસાભાઈ ઠેબા, (૩) પ્રવીણભાઈ ટપુભાઈ વેસરા, (૪) વલીમામદ ઈસ્માઈલ ઠેબા, (૫) રજાકભાઈ મામદભાઈ ઠેબા, (૬) ફારુકભાઈ ઈકબાલભાઈ નોતીયાર (રહે. મોટી પાનેલી) અને (૭) સરફરાજ યુનુસભાઈ ભુવર (તમામ રહે. ભાયાવદર) નો સમાવેશ થાય છે. આ રેઈડ દરમિયાન પોલીસે રોકડા રૂ. ૬૩,૨૫૦/-, જુગારનું સાહિત્ય ગંજીપતાના પાના અને રૂ. ૬૩,૦૦૦/- ની કિંમતના ૬ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૧,૨૬,૨૫૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

## પીએમ નરેન્દ્ર મોદીને મળતા જ બાળપણના મિત્રની કિસ્મત બદલાઈ, કરોડોની જમીન પર દોઢ દસકા જૂનો વિવાદ ઉકેલાયો

### PM કાર્યાલયના કડક વલણ બાદ ભાજપના પૂર્વ ધારાસભ્ય નરેન્દ્ર મહેતાએ ટાઉન પ્લાનિંગ ડિપાર્ટમેન્ટને લેખિતમાં પત્ર આપીને જમીન પરનો પોતાનો તમામ હક અને કબ્જો જતો કર્યો હતો અને બાંધકામની મંજૂરી પણ સરરેન્ડર કરી દીધી હતી

વડનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની એક મુલાકાતે તેમના બાળપણના મિત્રના જીવનમાંથી ૧૫ વર્ષ જૂનો મોટો વિવાદ અને અન્યાય દૂર કરી દીધો છે. વડનગરની બી.એન. હાઈસ્કૂલમાં પીએમ મોદી સાથે અભ્યાસ કરનાર ૮૧ વર્ષીય અસગર અલી વોરાને તેમની મહારાષ્ટ્રના મીરા-ભાઈંદર સ્થિત કરોડો રૂપિયાની કિંમતી જમીનનો કબજો પરત મળી ગયો છે. પીએમ મોદીના હસ્તક્ષેપ અને વહીવટી તંત્રની કડક કાર્યવાહી બાદ ભાજપના પૂર્વ ધારાસભ્ય નરેન્દ્ર મહેતાએ જમીન પરનો પોતાનો દાવો છોડી દઈને પીછેહઠ કરી લીધી છે.

અસગર અલી વોરાએ વર્ષ ૧૯૮૯માં મહારાષ્ટ્રના ભાઈંદર ઈસ્ટના નવઘર વિસ્તારમાં આશરે ૨,૮૧૦ ચોરસ મીટર જમીન ખરીદી હતી. વર્ષ ૨૦૧૧માં આ કિંમતી જમીન પર બોગસ દસ્તાવેજોના આધારે કબજો જમાવી લેવાયો હોવાનો અસગર અલીએ આક્ષેપ કર્યો હતો. આ જમીનના બે ભાગ કરીને એક ભાગ સ્વયં બિલ્ડર્સ અને બીજો ભાગ ભાજપના નેતા અને પૂર્વ ધારાસભ્ય નરેન્દ્ર મહેતાની સેવન ઈલેવન કન્સ્ટ્રક્શન કંપની સાથે જોડી દેવામાં આવ્યો હતો. એટલું જ નહીં, મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા આ વિવાદિત જમીન પર બાંધકામની મંજૂરી પણ આપી દેવામાં આવી હતી.

અસગર અલી વોરા છેલ્લા દોઢ દસકાથી સરકારી ઓફિસો, પોલીસ મથકો અને મહેસૂલ વિભાગના ચક્કર કાપી રહ્યા હતા. ૨૦૧૫માં બોગસ દસ્તાવેજ અંગે એફઆઈઆર પણ નોંધાઈ હતી, પરંતુ રાજકીય દબાણ અને બિલ્ડરોની વગના કારણે તેમને ન્યાય મળી રહ્યો નહોતો. પોતાના હકની જમીન મેળવવા તમામ દરવાજા ખટખટાવ્યા બાદ અસગર અલી વોરાએ ૮ સપ્ટેમ્બરના રોજ દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદી સાથે બાળપણની યાદો તાજી કરવાની સાથે તેમણે આ કરોડોની જમીન પર થયેલા કબ્જા અને ભૂમાફિયાઓ સામે પોતાની આપવીતી જણાવીને મદદ માંગી હતી.

Gujarat ATSએ વિદેશ ભાગવાના ખેલનો કર્યો પર્દાફાશ

# ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ગીતાબેન પટેલનો પુત્ર હરીકેશ પટેલ નકલી પાસપોર્ટ કૌભાંડમાં ઝડપાયો

અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં અને ગુનાખોરીની દુનિયામાં એક સળગતો ધડાકો થયો છે. ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલનો પુત્ર હરીકેશ પ્રણવ પટેલ બોગસ પાસપોર્ટ બનાવીને વિદેશ પ્રવાસ કરવાના અને કાયદાની આંખમાં ધૂળ નાખવાના ગંભીર આરોપસર ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS)ના હસ્તક આવી ગયો છે. ઈડી (ED) અને કોર્ટની કાર્યવાહીથી બચવા માટે રચાયેલું આખું કૌભાંડ હવે ચૌટા વચ્ચે ખુલ્લું પડી ગયું છે.



રૂપિયા ૫૦ કરોડના પોવર બેંક એપ ફ્રોડ કેસમાં ઈડી દ્વારા તપાસ ચાલી રહી હતી, જે દરમિયાન હરીકેશ પટેલનો મૂળ પાસપોર્ટ (S2528999) કોર્ટના આદેશથી જમા કરી લેવાયો હતો. પાસપોર્ટ વિના વિદેશ જવું શક્ય ન હોવાથી હરીકેશે એક મોટું ષડયંત્ર રચ્યું.

હરીકેશ પટેલે દિલ્હી ક્રાઈમ બ્રાંચમાં પોતાનો મૂળ પાસપોર્ટ ખોવાઈ ગયો હોવાની ખોટી ફરિયાદ નોંધાવી. ત્યારબાદ દિલ્હી અને આગ્રાના બોગસ ભાડા કરાર ઊભા કરીને પોતાના આધાર કાર્ડમાં પણ સરનામું બદલાવી નાખ્યું. આ બનાવટી દસ્તાવેજોના આધારે જુલાઈ ૨૦૨૪માં ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ રીજનલ પાસપોર્ટ ઓફિસ (RPO)માંથી બીજો નવો પાસપોર્ટ (C0538007) કઢાવી લીધો. આ આખું સેટિંગ કરવા માટે તેણે આશરે ૬૫ લાખ રૂપિયા પાણીની જેમ વહાવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

નકલી પાસપોર્ટ હાથમાં આવ્યા બાદ હરીકેશ પટેલે સીધી ફ્લાઈટ લેવાને બદલે ચોર રસ્તો અપનાવ્યો. તે ભૂટાન થઈને બેંગકોક, સિંગાપોર અને દુબઈ પહોંચી ગયો અને પરત આવતી વખતે નેપાળ થઈને ભારતમાં ઘૂસ્યો. કાયદાકીય એજન્સીઓની નજરથી બચવા માટે તેણે આ આખો રૂટ પ્લાન કર્યો હતો.

ગુજરાત ATSને ચોક્કસ બાતમી મળી હતી કે હરીકેશ બે-બે પાસપોર્ટ ધરાવે છે અને ફેક પાસપોર્ટ પર વિદેશ પ્રવાસ કરી આવ્યો છે. બાતમીના આધારે ATSએ અમદાવાદના સાયન્સ સિટી વિસ્તારમાંથી હરીકેશ પટેલને દબોચી લીધો. ATS પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને પાસપોર્ટ એક્ટની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

હરીકેશ પટેલ અગાઉ ૨૦૧૫ના પાટીદાર અનામત આંદોલન (PAAS)માં સક્રિય હતો. આ ઉપરાંત અમદાવાદના નારણપુરા પોલીસ સ્ટેશનમાં ૨૦૨૨માં અને ક્રાઈમ બ્રાંચમાં ૨૦૨૩માં ઠગાઈ, વિશ્વાસઘાત અને સાયબર ફ્રોડ જેવા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

હવે ATS એ એજન્ટો અને નેટવર્કની શોધખોળ કરી રહી છે જેણે ૬૫ લાખ રૂપિયા લઈને આ બોગસ કાગળો અને પાસપોર્ટ બનાવી આપ્યા હતા. રાજકીય વગ ધરાવતા પરિવારના પુત્રની આ રીતે ધરપકડ થતાં સમગ્ર રાજ્યના રાજકારણમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

## ગોંડલમાં વડાપ્રધાન મોદીના જન્મદિવસની ઉજવણી પહેલા વિવાદ

### દીવડાઓ બીયરની પેટીઓમાં આવી પહોંચતા ભારે ચકચાર

રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં 'આશીર્વાદ કા દીયા' સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન રાજકોટના ગોંડલ શહેરમાંથી એક ચોંકાવનારો અને વિવાદસ્પદ કિસ્સો સામે આવ્યો છે. પીએમ મોદીના જન્મદિવસ નિમિત્તે પ્રગટાવવા માટે મંગાવવામાં આવેલા માટીના દીવડાઓ બીયરની પેટીઓમાં (દારૂના બોક્સ) ભરીને સપ્લાય કરવામાં આવતા ભારે હોબાળો મચી ગયો છે.

ગોંડલ શહેરમાં પીએમ મોદીના જન્મદિવસ પ્રસંગે દીપ પ્રગટાવવાના કાર્યક્રમ માટે મોટા પ્રમાણમાં માટીના દીવડાઓ મંગાવવામાં આવ્યા હતા. પરંતુ જ્યારે આ દીવડાઓનો જથ્થો ઉતારવામાં આવ્યો ત્યારે ઉપસ્થિત લોકો અને કાર્યકરો દંગ રહી ગયા હતા. દીવડાઓ સુકાઈ ગયેલા અથવા સામાન્ય પૂંઠાના બોક્સને બદલે બીયરની પેટીઓ અને દારૂ બ્રાન્ડના બોક્સમાં પેક થઈને આવ્યા હતા.

રાજ્યમાં એક તરફ કડક દારૂબંધીનો દાવો કરવામાં આવે છે અને બીજી તરફ દેશના વડાપ્રધાન જેવા સર્વોચ્ચ નેતાના જન્મદિવસની પવિત્ર ઉજવણી માટે વપરાનારા દીવડાઓ દારૂ/બીયરના ખોખામાં લાવવામાં આવતા સ્થાનિક લોકો અને વિરોધ પક્ષોમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે. આ ઘટનાનો વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ગોંડલ સહિત સમગ્ર રાજકોટ જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

આ ઘટના સામે આવ્યા બાદ આયોજકો અને સપ્લાયરો દોડતા થઈ ગયા છે.

કુદરત મહેરબાન, કચ્છનો ખેડૂતહરખાયો

## ધોધમાર વરસાદ પડતાં જ ખેતરમાં મન મૂકીને નાચ્યો બળુકો ધરતીપુત્ર, વીડિયો થયો વાયરલ!

ભુજ/કચ્છ

રણપ્રદેશ અને પાણીની અછત માટે ઓળખાતા રણકાંઠાના કચ્છ જિલ્લામાં જ્યારે મેઘરાજા મન મૂકીને વરસે છે, ત્યારે તેની ખુશી માત્ર શબ્દોમાં વર્ણવવી અશક્ય બની જાય છે. તાજેતરમાં કચ્છ પંથકમાં વરસેલા ધોધમાર વરસાદે ખેડૂતોના દિલ જીતી લીધા છે. મેઘરાજાની આ તુફાની પધરામણીથી ગદગદ થયેલા એક ધરતીપુત્રનો ખેતરમાં વરસી રહેલા વરસાદ વચ્ચે મન મૂકીને નાચતો વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે.



કચ્છમાં ખેતી સંપૂર્ણપણે વરસાદ પર નિર્ભર રહેતી હોય છે. લાંબા સમયની આતુરતા અને ચિંતા બાદ જ્યારે આકાશમાંથી મેઘરાજાએ મહેરબાન થઈને સાંબેલાધારે વરસાદ વરસાવવાનું શરૂ કર્યું, ત્યારે ખેડૂતોના મુખ પરથી ચિંતાની રેખાઓ ગાયબ થઈ ગઈ હતી. ખેતરોમાં પાણી ભરાતાં અને સૂકી ભટ્ટ જમીન તૃપ્ત થતાં જ વર્ષભરની મહેનત સફળ થતી જોઈ ખેડૂત પોતાની જાતને રોકી શક્યો નહોતો.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, ધોધમાર વરસી રહેલા વરસાદ વચ્ચે ખેડૂત પોતાના ખેતરમાં ઊભો છે. માટીની સુગંધ અને ચોમેર વહી રહેલા પાણી વચ્ચે ખેડૂત કોઈ પણ જાતના સંકોચ વગર ખુશીથી ઝૂમી ઊઠે છે અને દેશી અંદાજમાં મન મૂકીને નાચવા લાગે છે. આ દ્રશ્ય માત્ર એક ઉત્સવ નથી, પરંતુ એક ખેડૂતની આખી સીઝનની આશા અને મહેનતની જીતનું પ્રતીક છે.

આ વાયરલ વીડિયોએ હજારો લોકોના દિલ જીતી લીધા છે. નેટીઝન્સ આ વીડિયો પર સતત કોમેન્ટ્સ કરી રહ્યા છે કે 'આ ખુશી માત્ર એક ખેડૂત જ સમજી શકે.' મેઘરાજાની આ અમૃતવર્ષાથી કચ્છના મોલ-પાલક અને જમીન બંને સજીવન થઈ ઉઠ્યા છે અને ખેડૂતોમાં વાવણી તેમજ સારા પાકની નવી આશાઓ જાગી છે.

## ભરૂચથી વડનગર થઇ વારાણસી સુધી બાઇક યાત્રા, યુવાનોનો જયઘોષ સાથે પ્રસ્થાન

ભરૂચ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેર જીવન અને જનસેવાના 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ભરૂચના યુવા બાઈક યાત્રિકો વડનગર થઈ વારાણસી તરફ રવાના થયા. જિલ્લા ભાજપ કાર્યાલયથી જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી, મહામંત્રી પરેશ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજ, યુવા મોરચા પ્રમુખ શક્તિસિંહ પરમાર સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં યાત્રાને પ્રસ્થાન કરાવાયું.

મહિલા આગેવાનો રચિતાબેન મોદી, ઊર્મિબેન વાનાની અને પારુલબેન ધોરાવાલાએ બાઈક યાત્રિકોને કુમકુમ તિલક કરી આશીર્વાદ પાઠવ્યા હતા. હાર પહેરાવી



અને મોં મીઠું કરાવ્યા બાદ યાત્રિકોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જિલ્લા ભાજપના હોદ્દેદારો, યુવા આગેવાનો અને કાર્યકરો પણ પ્રસ્થાન સમયે ઉપસ્થિત રહ્યા હતા.

ભારત માતાના જયઘોષ સાથે યુવા બાઈક યાત્રિકોએ ભરૂચથી યાત્રાનો પ્રારંભ કર્યો હતો. ભરૂચથી વડનગર પહોંચ્યા બાદ ત્યાંથી બાઈક દ્વારા વારાણસી સુધીની યાત્રા કરાશે. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલી આ યાત્રામાં યુવાનોની મોટી સંખ્યામાં ભાગીદારી જોવા મળી હતી.

લોકોના ભારે આક્રોશ સામે નેતાજીએ ગાડીમાંથી ઉતરવું પડ્યું!

## ધોળકામાં જમીન અને દૂષિત પાણીના મુદ્દે આંદોલનકારીઓએ અર્જુન મોઢવાડિયાનો કાફલો રોક્યો

ધોળકા

અમદાવાદ જિલ્લાના ધોળકા પંથકમાં કેમિકલયુક્ત દૂષિત પાણી, જમીનોની ખરાબી અને ભૂમાફિયાઓ સામે છેલ્લા ઘણા સમયથી સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોનું ઉગ્ર આંદોલન ચાલી રહ્યું છે. આ આંદોલન વચ્ચે કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયાનો કાફલો ધોળકાના સરોડા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે રોષે ભરાયેલા આંદોલનકારીઓએ તેમની ગાડી રોકીને ભારે વિરોધ પ્રદર્શન કર્યો છે. ધોળકા અને આસપાસના ગામોમાં કેમિકલ યુક્ત પાણી ખેતરોમાં ફરી વળવા અને જમીનો બરબાદ થવા અંગે ગ્રામજનો તંત્ર સામે ભારે આક્રોશમાં છે. અર્જુન મોઢવાડિયાનો કાફલો આવતા જ મહિલાઓ અને ખેડૂતો રસ્તા પર આવી ગયા હતા અને ગાડી આગળ ઘેરાવો કરી દીધો





હતો. લોકોએ 'હમારે હક કી બાત કરો' અને 'પ્રદૂષણ બંધ કરો'ના નારા લગાવીને વાતાવરણ ગરમ કરી મૂક્યું હતું. આંદોલનકારીઓનો ઉગ્ર મિજાજ જોઈને અર્જુન મોઢવાડિયા અને તેમના સુરક્ષાકર્મીઓ સતર્ક થઈ ગયા હતા. સ્થિતિ વણસતી જોઈને મંત્રી અર્જુન મોઢવાડિયાએ ગાડીમાંથી બહાર આવવું પડ્યું હતું. તેમણે આક્રોશિત ખેડૂતો અને ગ્રામજનોની વાત શાંતિથી સાંભળી હતી. સ્થાનિક લોકોએ સીધો આરોપ લગાવ્યો કે કંપનીઓ દ્વારા છોડાતા કેમિકલવાળા પાણીથી જમીનો અને પીવાનું પાણી બરબાદ થઈ રહ્યું છે, છતાં સરકારી તંત્ર કોઈ કડક પગલાં નથી ભરી રહ્યું. અર્જુન મોઢવાડિયાએ લોકોને ખાતરી આપી હતી કે તેઓ આ પ્રશ્ને સંબંધિત વિભાગ અને કલેક્ટર સાથે સીધી વાત કરીને તાત્કાલિક ઉકેલ લાવશે. જોકે, ભૂતકાળમાં મળેલા અસંખ્ય ખોટા આશ્વાસનોથી કંટાળેલા ગ્રામજનોએ સ્પષ્ટ સંભળાવી દીધું હતું કે જો હવે કાગળ પર નહીં પણ રોડ પર કામ નહીં દેખાય તો આંદોલન વધુ ઘાતક બનશે.

ચોપડે વરસાદની ભયાનક ઘટ છતાં દુષ્કાળની જાહેરાતમાં વિલંબ કેમ?

## દેવભૂમિ દ્વારકામાં -80% અને જામનગરમાં -50% વરસાદી ખેંચ, સંકટમાં ઘેરાયેલો ધરતીપુત્ર સહાયની આસમાં!

ગાંધીનગર/અમદાવાદ

ચાલુ ચોમાસાની ઋતુ તેના અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે ત્યારે ગુજરાતના અનેક જિલ્લાઓમાં પીવાના પાણી અને સિંચાઈનું સંકટ ઘેરૂં બન્યું છે. ૧૬ સપ્ટેમ્બર સુધીના હવામાન વિભાગ અને સરકારી ચોપડે નોંધાયેલા સત્તાવાર ડેટા મુજબ રાજ્યના અનેક વિસ્તારોમાં સરેરાશ કરતાં અત્યંત ઓછો વરસાદ નોંધાયો છે. ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છતાં સત્તાધીશો દ્વારા હજુ સુધી ખેડૂતો માટે અછત કે દુષ્કાળની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, જેને લઈને જગતના તાતમાં ભારે રોષ વ્યાપ્યો છે. આંકડાઓ બોલે છે ભયાનક વાસ્તવિકતા હવામાન ડેટા મુજબ રાજ્યના મુખ્ય ૮ જિલ્લાઓમાં વરસાદની ભારે ઘટ નોંધાઈ છે, જે કલ્પના બહારની છે: દેવભૂમિ દ્વારકા: -૮૦% (સૌથી વધુ અસરગ્રસ્ત), જામનગર: -૫૦%, દાહોદ: -૪૧%, અરવલ્લી: -૪૧%, સાબરકાંઠા: -૩૯%, કચ્છ: -૩૯%, જૂનાગઢ: -૩૪%, બનાસકાંઠા: -૩૦%.

મુખ્યત્વે દેવભૂમિ દ્વારકા અને જામનગર જેવા જિલ્લાઓમાં ૫૦% થી ૮૦% સુધીનો વરસાદી કાપ પડતાં મોંઘા ભાવના બિયારણ અને ખાતર નાખીને વાવેલો પાક ખેતરોમાં જ સૂકાઈ રહ્યો છે. ઉત્તર ગુજરાત અને આદિવાસી પટ્ટાના દાહોદ, અરવલ્લી તથા સાબરકાંઠામાં પણ સ્થિતિ વણસી રહી છે. ખેડૂતોએ પાક બચાવવા મોંઘા ભાવનું ડીઝલ બાળીને બોરવેલ ચલાવવાની ફરજ પડી રહી છે, જેનાથી ઉત્પાદન ખર્ચ આસમાને પહોંચ્યો છે.

## 2027માં ગુજરાતમાંથી ભાજપના સૂપડા સાફ કરી દેશે આદિવાસી સમાજ: AAP નેતા મનોજ સોરઠિયાનો ખુલ્લો પડકાર

સુરત

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ ભલે હજી દૂર હોય, પરંતુ રાજકીય માહોલ અત્યારથી જ અત્યંત ગરમાવા લાગ્યો છે. આમ આદમી પાર્ટી (AAP) ના પ્રદેશ અગ્રણી મનોજ સોરઠિયાએ સત્તાધારી પક્ષ પર સીધો અને ઘાતક પ્રહાર કરતા દાવો કર્યો છે કે આવનારી ૨૦૨૭ની ચૂંટણીમાં ગુજરાતનો આદિવાસી સમાજ ભાજપના સૂપડા સાફ કરી નાખશે. દાયકાઓથી માત્ર વોટબેંક તરીકે ઉપયોગમાં લેવાયેલા આદિવાસી સમાજનો આક્રોશ હવે જ્વાળામુખી બનીને ફાટવાની તૈયારીમાં હોવાનો સ્પષ્ટ સંકેત 'આપ' નેતાએ આપ્યો છે.

મનોજ સોરઠિયાએ ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે ભાજપ સરકારે હંમેશાં આદિવાસી સમાજને હાંસિયામાં ધકેલવાનું જ કામ કર્યું છે. જળ, જંગલ અને જમીન પર જેમનો મૂળ અધિકાર છે, તેવા સ્થાનિક આદિવાસીઓને વિકાસના નામે તેમના જ ઘરમાંથી બેઘર કરવામાં આવી રહ્યા છે. સરકારી યોજનાઓ માત્ર કાગળ પર અને ભાષણો પૂરતી જ સીમિત રહી છે, જ્યારે જમીની હકીકત એ છે કે આદિવાસી પટ્ટામાં આજે પણ પ્રાથમિક સુવિધાઓની ઘોર અછત છે. મોટા પ્રોજેક્ટ્સ અને ખાનગી ઉદ્યોગપતિઓને ખુશ કરવા માટે આદિવાસી ખેડૂતોની ફળદ્રુપ અને બાપદાદાની જમીનો કોડીના ભાવે છીનવી લેવામાં આવી રહી છે. બોગસ આદિવાસી સર્ટિફિકેટના આધારે અન્ય વર્ગના લોકો સરકારી નોકરીઓ અને અનામતનો લાભ લૂંટી રહ્યા છે, છતાં સરકાર આ કૌભાંડ પર આંખ આડા કાન કરી રહી છે. આદિવાસી પટ્ટાની શાળાઓ શિક્ષકો વિના અને હોસ્પિટલો ડોક્ટરો કે દવાઓ વિના રામભરોસે ચાલી રહી છે. સ્થાનિક સ્તરે રોજગાર ન મળતા આદિવાસી યુવાનોને મજૂરી માટે શહેરોમાં હિજરત કરવા મજબૂર થવું પડે છે.

## નડિયાદ-ઉત્તરસંડા રોડ પર કાળમુખી એસ.ટી. બસે બાઈકચાલકને રગદોળ્યો

### મારુતિ સર્વિસ સેન્ટરના એડવાઈઝર હેમીલ પંડ્યાનું ઘટનાસ્થળે જ દર્દનાક મોત

નડિયાદ

નડિયાદ-ઉત્તરસંડા રોડ પર આવેલા કોંકરણ મંદિર નજીક એક અત્યંત કરુણ અને ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. પૂરપાટ ઝડપે આવી રહેલી ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (ST)ની કાળમુખી બસે એક બાઈકચાલક યુવકને અડફેટે લેતા યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું છે.

આ અકસ્માતમાં જીવ ગુમાવનાર યુવક નડિયાદનો જ રહીશ અને જાણીતી કંપનીમાં ફરજ બજાવતો હોવાનું સામે આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મળતી માહિતી મુજબ, નડિયાદથી ચકલાસી અને વિદ્યાનગર તરફ જઈ રહેલી





એસ.ટી. બસ (રજિસ્ટ્રેશન નંબર: GJ 18 Z 4569) કોંકરણ મંદિર નજીકથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન બસ ચાલકે સ્પીડ પરનો કાબૂ ગુમાવતા અથવા બેદરકારીપૂર્વક વાહન હંકારીને સામેથી આવી રહેલી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે બાઈકસવાર રોડ પર પટકાઈ પડ્યો હતો અને બસના વિલક્ષણ ધડાકા સાથે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતનો ભોગ બનેલો યુવક નડિયાદનો રહીશ હેમીલ પંડ્યા હોવાનું ખુલ્યું છે. હેમીલ પંડ્યા મારુતિ સુઝુકી સર્વિસ સેન્ટરમાં બોડી શોપ એડવાઈઝર તરીકે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતો હતો. અકસ્માતમાં શરીરે અને મસ્તકના ભાગે ભયાનક ઈજાઓ પહોંચવાના કારણે હેમીલનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું. લોહીલુહાણ હાલતમાં પડેલા યુવકને જોઈને આસપાસના સ્થાનિકો અને વાહનચાલકો તુરંત મદદ માટે દોડી આવ્યા હતા.

દારૂબંધીના અમલીકરણ સામે સળગતા સવાલો

## કાયદાકીય જોગવાઈઓ, આંકડાકીય વાસ્તવિકતા અને દારૂબંધીના અમલીકરણ સામે ઉઠતા ગંભીર પ્રશ્નોનું ઊંડું પૃથ્થકરણ

અમદાવાદ

ગુજરાતમાં દારૂબંધી માત્ર એક કાયદો નથી પરંતુ રાજ્યના સામાજિક અને સાંસ્કૃતિક તાણાવાણા સાથે જોડાયેલો એક અત્યંત સંવેદનશીલ મુદ્દો છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS)ના નામે વાયરલ થયેલા '૯૦ લાખ દારૂડિયા'ના દાવાએ રાજ્યના રાજકારણમાં અને જાહેર જીવનમાં ભારે ચર્ચા જગાડી છે. આ મુદ્દાના બંને પાસાઓ–વાયરલ દાવાઓની સત્યતા અને જમીની વાસ્તવિકતા–અંગેનું ઊંડાણપૂર્વકનું પૃથ્થકરણ નીચે મુજબ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ (NFHS-૫) મુજબ, ગુજરાતમાં ૧૫ વર્ષથી વધુ વયના પુરુષોમાંથી અંદાજે ૫.૮% અને મહિલાઓમાંથી ૦.૬% કરતાં પણ ઓછા લોકો દારૂનું સેવન કરે છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલો ૯૦ લાખનો આંકડો (૬૦ લાખ દેશી અને ૩૦ લાખ વિદેશી) કોઈ પણ સત્તાવાર સરકારી કે આંતરરાષ્ટ્રીય એજન્સીના રિપોર્ટમાં નોંધાયેલો નથી. આ આંકડો અનધિકૃત દાવાઓ પર આધારિત છે, જેને સત્તાવાર ગણવો તથ્યહીન છે.

ભલે વાયરલ આંકડો અતિશયોક્તિપૂર્ણ હોય, પરંતુ તેમાંથી ઉદ્ભવતા પ્રશ્નો રાજ્યના કાયદા અને વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

ગુજરાતની સીમાઓ પર ચેકપોસ્ટ અને ચુસ્ત બંદોબસ્ત હોવા છતાં ગેરકાયદેસર દારૂ રાજ્યમાં પ્રવેશે છે કઈ રીતે? સ્થાનિક પોલીસ બૂટલેગરો સામે દરોડા પાડીને કરોડો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવાનો દાવો કરે છે, પરંતુ દારૂના મુખ્ય વિતરણકારો અને કિંગપિન સુધી તપાસ પહોંચતી નથી. લિકર પરમિટ અને તબીબી કારણોસર અપાતા લાઈસન્સ ઉપરાંત પણ ગેરકાયદે દારૂનું વેચાણ ચાલુ રહેવું એ જાહેર આરોગ્ય માટે જોખમી છે. સીમાવર્તી વિસ્તારોમાં સીસીટીવી અને વાહન સ્કેનર્સનો કડક ઉપયોગ થવો જરૂરી છે. જે વિસ્તારમાંથી દારૂનો મોટો જથ્થો પકડાય ત્યાંના સ્થાનિક અધિકારીઓ સામે ખાતાકીય તપાસ અને કડક પગલાં લેવાય તે અનિવાર્ય છે. કાયદાકીય કડકાઈ સાથે સમાજમાંથી દારૂની માંગ ઘટે તે માટે વ્યાપક વ્યસનમુક્તિ ઝુંબેશ ચલાવવી જરૂરી છે. ગુજરાતને દારૂમુક્ત રાજ્ય બનાવવાનું સપનું માત્ર કાગળ પરના કાયદાથી પૂરું થઈ શકે નહીં. અફવાઓ અને ભ્રામક આંકડાઓથી પર રહીને, કાયદાનું સુદ્રઢ અને સચોટ અમલીકરણ જ રાજ્યની અસ્મિતા અને જાહેર હિતનું રક્ષણ કરી શકે છે.

## તંત્રી લેખ...

## 25 વર્ષનું શાસન મોડેલ; દાવાઓ, વાસ્તવિકતા અને દેવાના ડુંગર વચ્ચે પીસાતી દેશની જનતા પર સળગતું પૃથ્થકરણ

ગુજરાતના મુખ્યમંત્રી પદથી લઈને દેશના વડાપ્રધાન પદ સુધીના ૨૫ વર્ષના શાસનકાળની ઉજવણી અને ગુણગાન વચ્ચે દેશના આર્થિક અને સામાજિક ચિત્ર પર એક મોટો વિવાદ ઊભો થયો છે. એક તરફ સરકારી જાહેરાતો અને વિરાટ કાર્યક્રમો દ્વારા આ ૨૫ વર્ષને દેશનો સુવર્ણકાળ ગણાવવામાં આવી રહ્યો છે. બીજી તરફ આંકડાઓ, અર્થશાસ્ત્રીઓના તારણો અને જમીની વાસ્તવિકતા એક અત્યંત ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. મોંઘવારી, બેરોજગારી, જંગી દેવું અને અધૂરા રહી ગયેલા વચનોએ સામાન્ય જનતાનું જીવવું દુષ્કર બનાવી દીધું છે.

### આંકડાઓની મોંમાંથી બોલતી ભયાનક વાસ્તવિકતા

### 1. 200 લાખ કરોડના દેવામાં ડૂબતો દેશ

દેશનું કુલ દેવું જે એક સમયે મર્યાદિત હતું, તે વધતાં વધતાં અંદાજે ૨૦૦ લાખ કરોડ રૂપિયાના આંકડાને સ્પર્શી ગયું છે. દેશના પ્રત્યેક નાગરિક પર આજે હજારો રૂપિયાનું કરજ આવી ગયું છે. સવાલ એ ઊભો થાય છે કે જો આટલું જંગી કરજ લેવામાં



આવ્યું તો તે નાણાં ગયા ક્યાં? ગરીબ અને મધ્યમ વર્ગ આજે પણ ટેક્સના બોજ તળે દબાયેલો છે, જ્યારે દેશની આર્થિક સત્તા અમુક ગણ્યા-ગાંઠ્યા ઉદ્યોગપતિઓ પાસે સીમિત થઈ રહી છે.

### 2. મોટા વચનો અને કાગળ પરની યોજનાઓ

દરેકને પક્કું મકાન: દેશના તમામ ગરીબોને પક્કા મકાન આપવાના વાયદાઓ છતાં આજે પણ લાખો પરિવારો ઝૂંપડપટ્ટીઓમાં અને ખુલ્લા આકાશ નીચે રાતો વિતાવવા મજબૂર છે.

૧૦૦ સ્માર્ટ સિટી અને આદર્શ ગ્રામ: કરોડો રૂપિયાના ધુમાડા પછી પણ દેશના શહેરો ચોમાસામાં તળાવ બની જાય છે. સાંસદો દ્વારા દત્તક લેવાયેલા 'આદર્શ ગામો'ની સ્થિતિ આજે પણ જસની તસ છે.

હર ઘર નલ સે જલ: કરોડો ઘરોમાં નળ પહોંચ્યાના દાવા વચ્ચે આજે પણ ગ્રામીણ વિસ્તારની બહેન-દીકરીઓને પીવાના પાણી માટે માઈલો સુધી ભટકવું પડે છે.

ખેડૂતોની બમણી આવક: ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું વચન હતું, પરંતુ બિયારણ, ખાતર, વીજળી અને ડીઝલના ભાવ આસમાને પહોંચતા ખેડૂતો દેવાના નાગપાશમાં ફસાયા છે.

### 3. મોંઘવારી અને યોજનાઓનું સત્ય

ઉજ્જવલા યોજના હેઠળ શરૂઆતમાં મફત ગેસ કનેક્શન તો આપી દેવાયા, પરંતુ સિલિન્ડરના ભાવ ૧૦૦૦ રૂપિયાને પાર થઈ જતાં આજે મોટાભાગના ગરીબ પરિવારો ફરીથી લાકડા અને છાણાં સળગાવવા મજબૂર બન્યા છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ખાનગીકરણને પ્રોત્સાહન મળતા સરકારી શાળાઓ અને હોસ્પિટલો કથળી છે. પરિણામે સામાન્ય વાલીઓ માટે બાળકોનું શિક્ષણ અને બીમારીની સારવાર અત્યંત મોંઘી બની ગઈ છે.

### 4. ફ્રી ડિજિટલ ટ્રાન્ઝેક્શન પર ગ્રહણ

જે યુપીઆઈ (UPI) અને ડિજિટલ પેમેન્ટને મફત રાખીને દેશમાં રોકડ વ્યવહારો ઘટાડવાનો દાવો કરાયો હતો, તેમાં પણ હવે એમડીઆર (MDR) અને અન્ય ચાર્જિસ ઝીંકવાની કવાયત હાથ ધરાઈ છે. વેપારીઓ પર પડનારો આ ચાર્જ અંતે તો સામાન્ય ગ્રાહકની ખીસામાંથી જ વસૂલાશે.

### ખાસ તંત્રી નોંધ

૨૫ વર્ષના આ શાસનકાળની સમીક્ષા કરીએ તો ચિત્ર સ્પષ્ટ થાય છે કે દેશની જનતાને મોટા સ્વપ્નો અને સ્લોગનો ચોક્કસ મળ્યા, પરંતુ બદલામાં મોંઘવારી, દેવું અને આર્થિક અસમાનતા ભેટમાં મળી છે. સરકારની આર્થિક નીતિઓથી પસંદગીના ઉદ્યોગપતિઓ માલામાલ થયા છે, જ્યારે દેશનો ગરીબ, મધ્યમ વર્ગ, ખેડૂત અને બેરોજગાર યુવાન આજે પણ પોતાના હક માટે સંઘર્ષ કરી રહ્યો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ભારતના યુગપુરુષ અને વૈશ્વિક નેતા: નરેન્દ્ર મોદી

## અહર્નિશ સેવા, દ્રઢ સંકલ્પ અને અણનમ નેતૃત્વની ગૌરવગાથા

ભારતના રાજકીય અને સામાજિક ઈતિહાસમાં અમુક એવા યુગપુરુષો જન્મ લેતા હોય છે, જેઓ માત્ર દેશની દિશા જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં રાષ્ટ્રનો ડંકો વગાડે છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી એક એવું જ ઓજસ્વી અને તેજસ્વી નેતૃત્વ છે, જેમણે પોતાના સમર્પણ, દેશભક્તિ અને 'રાષ્ટ્ર પ્રથમ' (Nation First) ના મંત્રથી ભારતના એક-એક નાગરિકના હૃદયમાં એક નવો આત્મવિશ્વાસ જગાવ્યો છે.

વડનગરના સામાન્ય પરિવારથી દેશના પ્રધાનસેવક સુધીની દિવ્ય યાત્રા

ગુજરાતના નાના એવા વડનગર ગામમાંથી શરૂ થયેલી તેમની જીવનયાત્રા સંઘર્ષ અને સેવાભાવથી સભર રહી છે. નાનપણથી જ દેશસેવા માટે સમર્પિત થઈને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના પ્રચારક તરીકે તેમણે ભારતની ભૌગોલિક અને સામાજિક વાસ્તવિકતાઓને ખૂબ નજીકથી સમજી. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીમાં સંગઠન ક્ષેત્રે આપીને તેમણે પોતાની અદભુત સંગઠન શક્તિનો પરિચય કરાવ્યો.

ગુજરાતનો વિકાસ મોડેલ: સ્વર્ણિમ ભારતની પાયાની ઈંટ



ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે ૧૩ વર્ષ સુધી જે રીતે શાસન ધુરા સંભાળી, તેણે ભારતમાં સુશાસન (Good Governance) ની નવી વ્યાખ્યા રચી. 'વાયબ્રન્ટ ગુજરાત', કન્યા કેળવણી, વીજળી અને પાણીના વિકટ પ્રશ્નોનું કાયમી નિવારણ તેમજ રાજ્યના ઉદ્યોગોને મળેલી નવી ઊંચાઈઓએ 'ગુજરાત મોડેલ'ને વિશ્વભરમાં પ્રખ્યાત કર્યું. ગુજરાતનો આ અવિરત વિકાસ જ પાછળથી ૨૦૧૪માં દેશમાં એક યુગપરિવર્તનનો આધાર બન્યો.

૨૦૧૪થી શરૂ થયેલો 'નવભારત'નો સુવર્ણકાળ

૨૦૧૪માં દેશના 'પ્રધાનસેવક' તરીકે જવાબદારી સંભાળ્યા બાદ નરેન્દ્ર મોદીએ ભારતને દરેક ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની નેમ લીધી.

ગરીબ કલ્યાણ અને સામાજિક ક્રાંતિ: જન ધન યોજના, ઉજ્જવલા યોજના, આયુષ્માન ભારત, અને પક્કા મકાનોની યોજનાઓ દ્વારા તેમણે દેશના છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડ્યા.

સાંસ્કૃતિક પુનરુત્થાન: સદીઓથી દેશવાસીઓની શ્રદ્ધાના કેન્દ્ર સમાન અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ, કાશી વિશ્વનાથ કોરિડોર અને ઉજ્જૈન મહાકાલ લોક દ્વારા ભારતીય સંસ્કૃતિ અને આસ્થાને વૈશ્વિક ઓળખ અપાવી.

સુરક્ષિત અને મજબૂત ભારત: આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ, સર્જિકલ સ્ટ્રાઈક અને કલમ ૩૭૦ ની નાબૂદી જેવા અશક્ય લાગતા ઐતિહાસિક નિર્ણયો લઈને તેમણે ભારતની આંતરિક અને સરહદી સુરક્ષાને અકાટ્ય બનાવી.

વિશ્વગુરુ તરફ આગળ વધતું ભારત

આજે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી આર્થિક સત્તા બની ચૂક્યું છે અને ટૂંક સમયમાં ત્રીજી મોટી સત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે. G20 ની સફળ અધ્યક્ષતા, ચંદ્રયાનની સફળતા અને વૈશ્વિક મંચો પર ભારતની બુલંદ વાણી એ વાતની સાક્ષી પૂરે છે કે ભારત આજે માત્ર એક દેશ નથી, પરંતુ વિશ્વને દિશા બતાવતો 'વિશ્વબંધુ' બની રહ્યો છે.

શ્રી નરેન્દ્ર મોદી માત્ર એક નેતા નથી, પરંતુ ૧૪૦ કરોડ દેશવાસીઓના સપનાઓને સાકાર કરનારી એક વિચારધારા અને ક્રાંતિ છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્ર સાથે તેઓ ભારતને તેના સુવર્ણ યુગ તરફ દોરી રહ્યા છે.

# તહેવારોમાં આનંદ સાથે આરોગ્યનું જતન: મોટા અવાજ, ડીજે અને ફટાકડાથી હૃદય તથા બ્લડ પ્રેશર પર થતી ગંભીર અસરો અંગે વિશેષ પૃથ્થકરણ....

અમદાવાદ:

ભારતમાં તહેવારોની ઉજવણી હર્ષ અને ઉલ્લાસથી કરવામાં આવે છે. પરંતુ તાજેતરના સમયમાં ગરબા, લગ્નપ્રસંગો, ધાર્મિક સરઘસો અને તહેવારો દરમિયાન વાગતા હાઈ-ડેસિબલ ડીજે (DJ), સાઉન્ડ સિસ્ટમ અને જોરદાર ધમાકા સાથે ફૂટતા ફટાકડા લોકોના આરોગ્ય માટે ગંભીર ચિંતાનો વિષય બની રહ્યા છે. તબીબી નિષ્ણાતોના મતે અતિશય મોટો અવાજ અને ધ્વનિ પ્રદૂષણ માત્ર કાન માટે જ નહીં, પરંતુ માનવ હૃદય અને બ્લડ પ્રેશર માટે પણ અત્યંત જોખમી સાબિત થઈ રહ્યું છે.

મોટા અવાજથી હૃદય પર થતી સીધી વિપરીત અસર

માનવ શરીર ચોક્કસ ડેસિબલ સુધીનો અવાજ સહન કરવા માટે જૈવિક રીતે સક્ષમ હોય છે. સામાન્ય વાતચીત ૬૦ ડેસિબલ



સુધીની હોય છે, જ્યારે તહેવારોમાં વાગતા ડીજે અને મોટા ફટાકડાનો અવાજ ૧૦૦ થી ૧૨૦ ડેસિબલને પાર કરી જાય છે.

સ્ટ્રેસ હોર્મોન્સમાં વધારો: અતિશય મોટો અને ધ્રુજારી લાવતો અવાજ શરીરમાં 'એડ્રેનાલિન' અને 'કોર્ટિસોલ' જેવા સ્ટ્રેસ હોર્મોન્સનું ઉત્પાદન અચાનક વધારી દે છે.

બ્લડ પ્રેશર અને હાર્ટ રેટમાં ઉછાળો: આ હોર્મોન્સના કારણે લોહીની ધમનીઓ સંકોચાય છે, જેના પરિણામે બ્લડ પ્રેશર (BP) અચાનક વધી જાય છે અને હૃદયના ધબકારા અનિયમિત બની જાય છે.

હાર્ટ એટેકનું જોખમ: જે લોકોને અગાઉથી હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર કે ડાયાબિટીસની તકલીફ હોય, તેમના માટે આવો મોટો અવાજ કાર્ડિયાક અરેસ્ટ કે હાર્ટ એટેકનું કારણ પણ બની શકે છે.

કોના માટે આ અવાજ સૌથી વધુ ઘાતક?

૧. વૃદ્ધો અને હૃદયરોગીઓ: ઉંમરલાયક વ્યક્તિઓનું હૃદય મોટા અવાજની ધ્રુજારી સહન કરી શકતું નથી, જેનાથી ગભરામણ અને છાતીમાં દુખાવો થઈ શકે છે.

૨. નવજાત શિશુઓ અને બાળકો: નાના બાળકોના કાનની પડદાની ત્વચા અત્યંત નાજુક હોય છે. મોટો અવાજ તેમના શ્રવણતંત્રને કાયમી નુકસાન પહોંચાડી શકે છે.

૩. સગર્ભા મહિલાઓ: અતિશય ધ્વનિ પ્રદૂષણ ગર્ભસ્થ શિશુના માનસિક વિકાસ અને માતાના બ્લડ પ્રેશર પર માઈનસ અસર કરે છે.

તહેવારોમાં સુરક્ષિત રહેવા માટે અગત્યની સલાહ

સુરક્ષિત અંતર જાળવો: ડીજેના સ્પીકર્સ કે ફટાકડા ફૂટતા હોય તે જગ્યાથી પૂરતું અંતર જાળવવું.

ઈયર પ્લગનો ઉપયોગ: જો વધારે અવાજ વાળા વિસ્તારમાંથી પસાર થવું પડે તેમ હોય તો કાનમાં ઈયર પ્લગ કે રૂ નો ઉપયોગ કરવો.

મર્યાદિત સમય: વધુ પડતા ઘોંઘાટ વાળા સ્થળે લાંબો સમય રોકાવાનું ટાળવું.

લક્ષણો પ્રત્યે જાગૃતિ: જો અચાનક ચક્કર આવે, છાતીમાં દબાણ અનુભવાય કે ગભરામણ થાય તો તુરંત જ શાંત જગ્યાએ જઈ ડૉક્ટરની સલાહ લેવી.

# સરકારી શાળાઓ બંધ કરવાનું કાવતરું કે શિક્ષણનું ખાનગીકરણ?

## મરજિંગ અને ઓછા ઓપનિંગના નામે બંધ થતી સ્કૂલોથી ગરીબ વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે સવાલો!

અમદાવાદ:

ગુજરાતમાં શિક્ષણ નીતિ અને પ્રાથમિક શિક્ષણના માળખાને લઈને ફરી એકવાર મોટો આક્રોશ ઊભો થયો છે. છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં 'મર્જર' અને 'ઓછી સંખ્યા' જેવા કારણો દર્શાવીને સરકારી પ્રાથમિક શાળાઓને બંધ કરવાની કવાયત હાથ ધરવામાં આવી રહી છે. શિક્ષણ અધિકાર અને સામાજિક કાર્યકરો આ નીતિ સામે તીખા સવાલો ઉઠાવી રહ્યા છે. સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે શું આ ગરીબ અને સામાન્ય વર્ગના બાળકોને મફત શિક્ષણથી વંચિત રાખવાનું અને શિક્ષણનું વ્યાપારીકરણ કરવાનું કોઈ મોટું ષડયંત્ર છે? સરકારી શાળાઓ પર તાળાં અને ખાનગી શાળા માફિયાઓને મોકળું મેદાન રાજ્યમાં ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોમાં ચાલી રહેલી સરકારી શાળાઓને નજીકની શાળાઓમાં વિલીન (મર્જર) કરવાના નામે અથવા સંખ્યા ઓછી હોવાનું બહાનું બતાવીને બંધ કરવામાં આવી રહી છે. આ નીતિના કારણે સૌથી વધુ માઠી અસર ગરીબ, દલિત, આદિવાસી અને મધ્યમ વર્ગના બાળકો પર પડી રહી છે. લાંબા અંતરની સમસ્યા: ગામડાંઓમાં શાળા બંધ થતાં બાળકોને શિક્ષણ માટે ૨ થી ૫ કિલોમીટર દૂર જવાની ફરજ પડે છે, જેના કારણે ખાસ કરીને દીકરીઓનો અભ્યાસ છૂટી જવાની ભીતિ વધી ગઈ છે. મધ્યમ વર્ગનું શોષણ: સરકારી શાળાઓ નબળી પડાતાં અથવા બંધ થતાં સામાન્ય વાલીઓ મજબૂરીમાં ખાનગી શાળાઓ તરફ વળે છે, જ્યાં ડોનેશન અને ફીના નામે મોટી લૂંટ ચલાવવામાં આવે છે. શિક્ષકોની અછત: નવી કાયમી ભરતીઓ કરવાને બદલે પ્રવાસી શિક્ષકોથી કામ ચલાવવાની નીતિ સરકારી શિક્ષણની ગુણવત્તા પર સવાલો ઊભા કરે છે.

જાગૃત નાગરિકો અને શિક્ષણવિદોના આકરા પ્રહારો

શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો અને વિપક્ષી નેતાઓનો આરોપ છે કે જે દેશ કે રાજ્યનો નાગરિક અજ્ઞાની અને અભણ રહે, તે ક્યારેય પોતાના અધિકારો, રોજગાર અને સત્તાધીશો સામે સવાલો પૂછી શકતો નથી. શિક્ષણ જ જાગૃતિનું મુખ્ય શસ્ત્ર છે, અને જો સરકારી પ્રાથમિક શિક્ષણનું માળખું જ ભાંગી નાખવામાં આવે તો સામાન્ય જનતા સદાય આશ્રિત અને અંધાનુકરણ કરનારી બની રહેશે.

શું શિક્ષણ એ વેપાર છે કે અધિકાર?

ભારતના બંધારણે 'રાઈટ ટુ એજ્યુકેશન' (RTE) હેઠળ દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર આપ્યો છે. પરંતુ સરકારી બજેટમાંથી શિક્ષણ પાછળનો ખર્ચ ઘટાડીને શાળાઓ બંધ કરવી એ કાયદાકીય અને નૈતિક રીતે કેટલું યોગ્ય?

તંત્રી નોધ

જે દેશ કે રાજ્ય પોતાની સરકારી શાળાઓને સુધારવાને બદલે તેના પર તાળાં મારે છે, તે ક્યારેય સમૃદ્ધ બની શકતું નથી. 'પાક્કો ગુજરાત' જનતાના અવાજ તરીકે સ્પષ્ટ માગ કરે છે કે સરકારી શાળાઓ બંધ કરવાને બદલે તેમાં સુવિધાઓ વધારવામાં આવે અને દરેક ગરીબ બાળક સુધી શિક્ષણનો પ્રકાશ પહોંચાડવામાં આવે, જેથી દેશનો નાગરિક પોતાના અધિકારો પ્રત્યે જાગૃત બની શકે.

## સિનિયર સિટીઝન ગ્રુપના સદસ્ય ઘનશ્યામભાઈ રાવ ની યાદી જણાવે છેકે, હર્ષદભાઈ શાહ એટલે ગુજરાતના પેન્શનરો ના પથસાથી એક પરિચય

હર્ષદશાહ એટલે ગુજરાતના પેન્શનરો નો પથસાથી. ૧/૫/૨૦૦૧ ના રોજ નિ.તા.વિ.અ. તરીકે સેવા નિવૃત થયા.માદરે વતન વડોદરા શહેર ને પરહીતની સેવાભાવી કર્મે પંથ .માં.પ્રતાપ પંડ્યા.વાસુદેવ ગોર.હરીપ્રસાદ જોષી.અંબુભાઈ પટેલ.સી.જી.રાણા. જેવા સેવાશ્રમ



હીતેશ્વી વડીલ ના સથવારે પેન્શનરો નો પથસાથી બની ગયો.૨૦૦૫ માં વડોદરા શહેર પેન્શનર મંડળ નું માલિકી મકાન ખરીદી કાયમ કાર્યાલય છે.૨૦૦૭ થી ૨૦૧૮ સુધી એક દશક ઉપપ્રમુખ તરીકે નિસ્વાર્થ સેવાભાવી કર્મે પંથ નિભાવ્યો.ને એક રૂમમાં બેસતી ઓફિસ ને બાજુ ની રૂમ ખરીદી કરી.પેન્શનર જગતનોવ્યાપ વધારી દીધો.શહેરમા ચાલતી સિ. સિ.ની પ્રવૃત્તિઓમાં જોડાઈ. કેંદ્ર સ્થાપના કરી.બાથરૂમ સિગંર ને સંગીત કલા વૃંદ ફોરમ સ્થાપ્યું.૧૫૦ પ્રવાસ દિન એક થી વીસ દિવસ સુધી ના પ્રવાસ સંગ સાથીઓ સથવારે.રાષ્ટપતિ ભવન . દરબાર હોલમાં ગીત- સંગીત. કાર્યક્રમ. વય સંગે નક્કી કરેલ લક્ષ મુજબ સ્વૈચ્છિક રીતે સેવા સંસ્થાઓ માથી પદ- હોદા પર થી નિવૃત. હા આજે ગઈકાલ ને સ્મરણે લેતા જીવી લીધું પ્રભુ આશિષ ને સાથીઓ ની દીલ દુવાએ. પ્રભુ હવે મૃત્યુ પંથ નો પ્રવાસી રહી ૮૩ વર્ષ વય સંગે જરૂર મંદો ના સંગ સાથી બની રહું એજ અંતિમ સ્મરણીય વિદાય યાત્રા પામશુ.

# 'વિકસિત ભારત'ના સપનાને રંગો દ્વારા સાકાર કરતા ભચાઉના વિદ્યાર્થીઓ

ભચાઉ

શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ભચાઉ ખાતે તા. ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ 'વિકસિત ભારત' વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ અને રાષ્ટ્રના વિકાસ પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી યોજાયેલી આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના ચિત્ર શિક્ષક શ્રી રૂપેશ




સોલંકી સાહેબ તથા આચાર્ય શ્રી પ્રકાશકુમાર ચંપકલાલ પંડિત સાહેબના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ 'વિકસિત ભારત'ની પોતાની કલ્પનાને વિવિધ રંગો અને કલાત્મક અભિવ્યક્તિ દ્વારા કાગળ પર ઉતારી હતી. સ્પર્ધા દરમિયાન વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. કોઈ વિદ્યાર્થીએ આધુનિક ભારતના વિકાસને તો કોઈએ શિક્ષણ, ટેક્નોલોજી, સ્વચ્છતા, પર્યાવરણ, આત્મનિર્ભરતા અને રાષ્ટ્રપ્રગતિ જેવા વિવિધ પાસાઓને પોતાના ચિત્રોમાં ઉજાગર કર્યા હતા. આ પ્રકારની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ તથા રાષ્ટ્રીય ચેતનાને વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. 'વિકસિત ભારત'ના સંકલ્પને રંગો દ્વારા વ્યક્ત કરતા વિદ્યાર્થીઓની કલાત્મક પ્રતિભા નિહાળવા જેવી રહી હતી.

**- રૂપેશ સોલંકી**



પાક્કો ગુજરાત

ગુરુવાર | 17 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

# કોલેજ ટ્રસ્ટ સંચાલિત ગર્લ્સ હોસ્ટેલ ભયના ઓથાર હેઠળ, જર્જરિત ઇમારત અને ગંદકીના સામ્રાજ્ય વચ્ચે વિદ્યાર્થિનીઓ રહેવા મજબૂર!!

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જીલ્લા મથકે આવેલી અને કોલેજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત વિદ્યાર્થિનીઓની હોસ્ટેલની હાલત અત્યંત દયનીય અને જર્જરિત બની ગઈ હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. હોસ્ટેલ પરિસરમાં પાયાની સુવિધાઓનો સદંતર અભાવ અને અસુરક્ષિત વાતાવરણને કારણે અહીં રહેતી વિદ્યાર્થિનીઓના ભવિષ્ય અને સુરક્ષા સામે મોટા સવાલો ઉભા થયા છે. સ્થાનિક સ્તરે આ બાબતે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને તંત્ર સામે આંગળી ચીંધાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ગર્લ્સ હોસ્ટેલની ઈમારત લાંબા સમયથી જાળવણીના અભાવે બિસ્માર બની ગઈ છે. હોસ્ટેલના રૂમોના દરવાજા અને બારીઓ તૂટી ગયા છે, જેના કારણે વિદ્યાર્થિનીઓની ગુપ્તતા અને






## દરવાજા-બારીઓ તૂટેલા, દિવાલોમાં તિરાડો: સુરક્ષા અને સ્વચ્છતા સામે ઉઠ્યા ગંભીર સવાલો

સુરક્ષા જોખમાઈ રહી છે. ચોમાસા અને શિયાળાની ઋતુમાં તૂટેલી બારીઓ મુશ્કેલીનું કારણ બને છે. આ ઉપરાંત, ઈમારતની દિવાલો અને સ્લેબમાં ઠેર-ઠેર તિરાડો પડી ગઈ છે, જે ગમે ત્યારે મોટી દુર્ઘટનાને આમંત્રણ આપી શકે તેમ છે. સ્વચ્છતાના નામે મીંડુંહોસ્ટેલ એટલે માત્ર રહેવાની જગ્યા નહીં, પરંતુ ત્યાં તંદુરસ્ત વાતાવરણ હોવું જરૂરી છે. પરંતુ આ હોસ્ટેલ પરિસરમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. શૌચાલયો અને કોમન એરિયાની નિયમિત સફાઈ થતી ન હોવાની ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. ગંદકીના કારણે વિદ્યાર્થિનીઓમાં રોગચાળો ફાટી નીકળવાનો પણ ભય સતાવી રહ્યો છે. દીકરીઓ ભણી-ગણીને આગળ વધે તેવા દાવાઓ વચ્ચે આવી સુવિધાઓ તંત્રની પોલ ખોલે છે. અધિકારીઓ અને પ્રોફેસરોએ જવાબદારીમાંથી હાથ અધ્ધર કર્યા આ ગંભીર મામલે જ્યારે પ્રતિનિધિ' દ્વારા વાસ્તવિકતા જાણવા અને તંત્રનો પક્ષ લેવા પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે જવાબદારોની ઉદાસીનતા સામે આવી હતી. આ મુદ્દે ટ્રસ્ટના મુખ્ય અધિકારીનો ટેલિફોનિક સંપર્ક સાધવામાં આવતા તેમણે ટૂંકો જવાબ આપ્યો હતો કે, "હું અત્યારે બીમાર છું." પોતાની તબિયત ખરાબ હોવાનું બહાનું ધરીને તેઓ આ ગંભીર મુદ્દે કોઈ પણ વિગતવાર વાતચીત કરવાનું કે હોસ્ટેલની સ્થિતિ અંગે ખુલાસો કરવાનું ટાળ્યું હતું. કોલેજ તરફથી આ અંગે કોઈ સત્તાવાર સ્ટેટમેન્ટ મેળવવા માટે સંબંધિત પ્રોફેસરનો સંપર્ક કરવામાં આવ્યો હતો.

### છોટાઉદેપુર LCBની મોટી કાર્યવાહી

# રંગપુર નાકા પાસેથી 13.44 લાખના મુદ્દામાલ સાથે વિદેશી દારૂ અને સ્કોર્પિયો કાર ઝડપાઇ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ એક મોટી સફળતા મેળવતા છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના રંગપુર નાકા પાસે રોડ પરથી રૂ. ૩,૨૧,૦૦૦ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને સ્કોર્પિયો ફોર વ્હીલર ગાડી સહિત કુલ રૂ. ૧૩,૪૪,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ મામલે પોલીસે ચાર ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપ સિંહ અને છોટાઉદેપુર પોલીસ અધીક્ષક ઈમ્તીયાઝ શેખ દ્વારા જીલ્લામાં દારૂબંધીના કાયદાનો કડક અમલ કરવા અને પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને નેસ્તનાબૂદ કરવા સૂચના આપવામાં આવી હતી.આ સૂચનાના આધારે છોટાઉદેપુર LCBના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એફ.ડામોરના માર્ગદર્શન હેઠળ LCB સ્ટાફના માણસો




છોટાઉદેપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ટેલિફોનિક બાતમી મળી હતી કે, એક કાળા કલરની મહિન્દ્રા કંપનીની સ્કોર્પિયો ગાડી (રજી. નં. GJ-36-AR-0004) માં પરમીટ વગરનો વિદેશી દારૂ ભરીને સુરખેડા તરફથી છોટાઉદેપુર તરફ આવી રહી છે.બાતમીના આધારે પોલીસે છોટાઉદેપુર રંગપુર નાકા પાસે નાકાબંધી કરી હતી. થોડીવારમાં વર્ણન મુજબની સ્કોર્પિયો કાર આવતા પોલીસે તેને કોર્ડન કરીને ઊભી રાખી હતી. ગાડીની તલાશી લેતા તેમાંથી ગેરકાયદેસર રીતે લાવવામાં આવતી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૧૦૦૦ નંગ બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. ૩,૨૧,૦૦૦ આંકવામાં આવી છે.પોલીસે ઘટનાસ્થળેથી દારૂના જથ્થા ઉપરાંત રૂ. ૧૦,૦૦,૦૦૦ની કિંમતની સ્કોર્પિયો કાર, રૂ. ૨૦,૦૦૦ની કિંમતના ૪ નંગ મોબાઈલ ફોન અને અંગ ઝડતીમાંથી મળેલા રૂ. ૩,૦૦૦ રોકડા મળીને કુલ રૂ. ૧૩,૪૪,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગેરકાયદેસર હેરાફેરી બદલ કારના ચાલક સહિત કુલ ચાર ઈસમોને ઝડપી પાડી.

### વકીલો પરના હુમલાઓ સામે કડક કાર્યવાહી કરો

# પોરબંદર જિલ્લા નોટરી એસોસિએશનની રજૂઆત

પોરબંદર ગોસા(ઘેડ), વિરમભાઇ કે. આગઠ

પોરબંદર જિલ્લામાં કાનૂની વ્યવસાય સાથે સંકળાયેલા વકીલોની સુરક્ષા સહિતના મુદ્દે પોરબંદર જિલ્લા નોટરી એસોસિએશન દ્વારા રાજ્યપાલ, મુખ્યમંત્રી, ગૃહ તથા કાયદા મંત્રી તેમજ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વકીલો પર થતા હુમલાઓના બનાવોમાં જવાબદારો સામે તાત્કાલિક અને કડક કાનૂની કાર્યવાહી કરવા તેમજ રાજ્યમાં એડવોકેટ પ્રોટેક્શન બિલ લાવવાની માંગ કરવામાં આવી છે.

એસોસિએશન દ્વારા રજૂઆતમાં જણાવાયું છે કે, છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં વકીલોને ધાક-ધમકી આપવા, હુમલા કરવા તેમજ ગંભીર ગુનાહિત બનાવોની ઘટનાઓ સામે આવી રહી છે. કાયદાનું જ્ઞાન ધરાવતા




અને પોતાના અસીલોના હિત માટે કાયદાકીય કામગીરી કરતા વકીલો જ જો હુમલાનો ભોગ બને તો તેમની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા થાય છે.

રજૂઆતમાં કચ્છના રાપર ખાતે વકીલ દેવજીભાઈ મહેશ્વરીની હત્યા, આરટીઆઈ એક્ટિવિસ્ટ તથા એડવોકેટ રજની પાંચાણી સાથે થયેલી મારપીટ, જામનગરના વકીલની હત્યા, રાજકોટમાં એડવોકેટ ભૂમિકાબેન સામે થયેલી ફરિયાદ તેમજ અમદાવાદના રોશનીબેન યાદવ અને સુરતના કૈલાશ મિશ્રા સહિતના વકીલો પર થયેલા હુમલાના બનાવોનો ઉલ્લેખ કરી વકીલોની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

એસોસિએશનના જણાવ્યા મુજબ વકીલોને પોતાના અસીલોના કાનૂની હિત માટે અવારનવાર પોલીસ સ્ટેશન સહિતની સરકારી કચેરીઓમાં જવું પડે છે. પોલીસ અને વકીલો બંને કાયદા સાથે સંકળાયેલા હોવા છતાં કેટલાક કિસ્સામાં વકીલો સાથે અયોગ્ય વર્તન થતું હોવાની રજૂઆત કરવામાં આવી છે. આવા સંજોગોમાં વકીલોને કાયદાકીય કામગીરી દરમિયાન પૂરતું રક્ષણ મળે તે માટે અસરકારક વ્યવસ્થા જરૂરી હોવાનું જણાવાયું છે.

# અંબાજી ખાતે ભાદરવી પૂનમને લઈને પત્રકાર પરિષદ યોજાઇ

અંબાજી, અરવિંદ અગ્રવાલ

શક્તિ, ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર અંબાજી ખાતે ૨૦ થી ૨૬ મી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ભાદરવી પૂનમનો મહામેળો શરૂ થઇ રહ્યો છે ત્યારે મેળાના સુચારુ આયોજન અને વહીવટીતંત્ર દ્વારા મેળામાં કરવામાં આવેલી વિવિધ વ્યવસ્થાઓની માહિતી અને તૈયારીઓ અંગેની જાણકારી આપવા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને જિલ્લા કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામા અંબાજી ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં દર્શન, વિસામો, ભોજન, પાર્કિંગ, સુરક્ષા, સલામતી, પ્રસાદ, પગરખાં, સફાઈ ,પાણી, ટોઈલેટ સહિતની સુવિધાઓ અને સગવડોની કરવામાં આવેલ વ્યવસ્થાઓ અંગે વિગતવાર






માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ વર્ષે કેટલાક ખાસ આકર્ષણો અને સુવિધાઓથી મેળાને યાદગાર બનાવવા માટેનું આયોજન કરાયું છે. જેના માટે વહીવટી તંત્ર દ્વારા વિવિધ ૨૯ જેટલી જિલ્લા કક્ષાની સમિતિઓ પણ બનાવાઈ છે. જો હવામાન સાફ રહેશે તો ૨૨ અને ૨૩ સપ્ટેમ્બરના રોજ અંબાજી ખાતે ડ્રોન શૉ નું આયોજન કરાશે. આ સાથે ગબ્બર ખાતે વિશેષ રોશની કરાઈ છે. ગત વર્ષની જેમ આ વર્ષે પણ*ગુજરાત ભરમાંથી અંબાજી મહા મેળામાં આવતા પદયાત્રિકો માટે ૧૦ કરોડનું વીમા કવચ આપવામાં આવશે તથા આ વખતે નજીકના રાજસ્થાન રાજ્યમાં પણ ૫૦ કિમી અંતર સુધી આ વીમા કવચ માં આવરી લેવાયું છે.તેમજ આ વખતે ૫૬ યાત્રિક બનાસકાંઠા જિલ્લાની હદમાં હોય અને કોઈ આકસ્મિક ઘટના ઘટે છે તો તત્કાલિક ૨ લાખ રૂપિયાની વીમા સહાય આપવામાં આવશે. આ પ્રસંગે બનાસકાંઠા નાયબ માહિતી નિયામક કુલદીપ પરમારે પ્રાસંગિક ઉદબોધન કરીને પત્રકાર મિત્રોને આવકાર્યા હતા. પ્રેસ કોન્ફરન્સમાં બહોળી સંખ્યામાં પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

### 53 સરકારી સેવાઓ માટે કેમ્પ યોજાયો

# મોટા ફોફળિયામાં સેવા સેતુ કાર્યક્રમ સામે અવ્યવસ્થાના આક્ષેપો: પ્રચારના અભાવે લાભાર્થીઓ ઓછા, અનેક વિભાગોની ગેરહાજરી

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના મોટા ફોફળિયા મુકામે પાંચ ગામો કંજેઠા ,અંબાલી ,ઝાંઝડ, કુકસ અને મોટા ફોફળિયા ના પ્રજાજનો માટે સેવા સેતુ કાર્યક્રમ મામલતદારે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. સેવા સેતુ નો મુખ્ય આશય સરકારની પ્રજાલક્ષી સેવાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે અને વ્યક્તિગત સેવાઓ પ્રજાજનોને એમના રહેઠાણના નજીકના સ્થળે અને તે જ દિવસે પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુને સાર્થક કરવાનો છે. પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે આ કાર્યક્રમનો પ્રચાર અને પ્રસાર સરકાર તરફથી કરવામાં આવતો નથી, જેથી માત્ર કાગળ ઉપરનો કાર્યક્રમ બની રહે છે. સેવા સેતુ કાર્યક્રમમાં સરકારની વિવિધ 53 યોજનાઓ નો સમાવેશ થયેલ છે અને જે માટે આ કાર્યક્રમમાં જે તે વિભાગના 19 અધિકારીઓએ પણ હાજર રહેવાનું હોય છે. પરંતુ તાલુકા સેવા સદન અને તાલુકા પંચાયત તથા અન્ય તમામ કચેરીઓમાં અપૂરતો સ્ટાફ હોવાના કારણે આવા કાર્યક્રમો સફળ થતાં નથી મોટા ફોફળિયા મુકામે જાતિના દાખલા કરવામાં તથા આધારકાર્ડમાં સુધારા બાબતે ગમે તે બહાના બતાવીને શિનોર તાલુકા મથકે આવવા જણાવવામાં આવેલ છે. એકમાત્ર આરોગ્ય વિભાગ આયુષ્યમાન કાર્ડ તથા આરોગ્યની અન્ય સેવાઓ આવા કેમ્પમાં આપી રહી છે,વિવિધ 53 યોજનાઓમાંથી આજે ઘણી બધી યોજનાના કર્મચારી કે અધિકારીઓ આવ્યા નહોતા. પ્રચાર થયો ના હોવાથી પાંચ ગામોના પુરા લાભાર્થીઓ પણ આવી શક્યા નહોતા.

આજના આ કાર્યક્રમમાં મામલતદાર મુકેશ જે. બારીયા ઈન્ચાર્જ સીડીપીઓ ચેતનાબેન પટેલ, ઈન્ચાર્જ તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર જીગ્નેશ વસાવા ,સરપંચ ભગુભાઈ રબારી, તાલુકા પંચાયત સદસ્યા સિવાય અન્ય કોઈ પદાધિકારીઓ કે અધિકારીઓ હાજર રહ્યા નહોતા.

# સાધલીમાં બે દીકરીઓએ અઠ્ઠાઈ તપ પૂર્ણ કર્યું: ઢોલ-નગારાં સાથે ભવ્ય શોભાયાત્રા, જૈન ઉપાશ્રયમાં કરાવાયું પારણું

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સાધલી મુકામે દેરાવાસી જૈન સમાજના ત્રણથી ચાર કુટુંબ અને સ્થાનકવાસી જૈન સમાજના છ થી સાત કુટુંબોના બે સંઘો આવેલા છે. અને બંને સંઘ દ્વારા પર્વાધિરાજ પર્યુષણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી અને અંતિમ દિવસે ખાસ પ્રતિક્રમણ કરાયું હતું, અને પ્રતિક્રમણ પછી એકબીજાને વર્ષ દરમિયાન જો કોઈના દિલને ઠેસ પહોંચાડી હોય તો માફી માગી મિચ્છામી દુક્કડમ કરાયું હતું. અને આ પ્રસંગે જૈન સમાજનું આધ્યાત્મિકતા,



આત્મચિંતન સાથે ક્ષમાભાવનું વાતાવરણ જોવા મળ્યું હતું.

આજરોજ તારીખ 16 સપ્ટેમ્બર 2026 ના રોજ સાધલીની બે દીકરીઓ વિશ્વા અતુલભાઈ શાહ અને જીલ પરેશભાઈ શાહ દ્વારા અઠ્ઠાઈ તપનું અનુષ્ઠાન પૂર્ણ કર્યું હતું ,જેથી આજે તેઓ બંને દીકરીઓની બંને સંઘ દ્વારા ઢોલ નગારા સાથે ખુલ્લી ગાડીમાં દિવ્ય શોભાયાત્રા કાઢી હતી અને શ્રી સ્થાનકવાસી જૈન ઉપાશ્રય સાધલી મુકામે પારણા નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, ત્યાં સગા સંબંધીઓ, તથા જૈનેતરો દ્વારા પારણા કરાવવામાં આવ્યા હતા. દેરાવાસી જૈન સંઘ દ્વારા બંને દીકરીઓનું બહુમાન કરી સન્માન કરવામાં આવ્યું હતું.

વાડીલાલ કચરાભાઈ શાહ તથા હરગોવિંદભાઈ કચરાભાઈ શાહ પરિવાર દ્વારા આજે સવારે 8:00 કલાકે નવકારસી, 11 કલાકે પારણા નો હૃદય દ્રાવક કાર્યક્રમ ખૂબ જ ભાવ વિભોર બન્યો હતો અને 12:00 કલાકે વિવિધ વાનગીઓના રસથાળ સાથે સંઘ ભોજનનો કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો.



આદર્શ યુવક મંડળ વાલ્મિકી
વાસ સ્ટેશન નવો રોડ ડભોઇ



નીલકંઠેશ્વર યુવક મંડળ
નીલકંઠેશ્વર મહાદેવ ફળિયુ ડભોઇ



શિવ યુવક મંડળ વડોદરી
ભાગોળ કાછીયાવાડ ડભોઇ



દેવજદુ યુવક મંડળ વડોદરી ભાગોળ
સેષ નારાયણ મંદિર પાસે ડભોઇ



માળી વાગા યુવક મંડળ
દુધિયાપીર પાસે ડભોઇ



પટેલ વાગાયુવક મંડળ
કલ્યાણપોળ ડભોઇ



મહાલક્ષ્મી યુવક
મંડળ દુધિયા પીર ડભોઇ



મેલડી માતા યુવક મંડળ
ઝારોલાની વાડી પાછળ ડભોઇ



ભીખન કોઈ યુવક
મંડળ નાદોદી ભાગોળ ડભોઇ



મહાદેવ યુવક મંડળ
તમાકુ વાગા ડભોઇ

ડભોઇ નગરમા વિવિધ વિસ્તારમા ગણેશજીની સ્થાપના કરવામા આવેલ છે તે વિવિધ મુદ્રા મા નજરે પડે છે......



### દિશા પટણી પોતાની ગ્લેમરસ ઈમેજ માટે જ જાણીતી છે

# દિશા પટણીના ગણપતિ પૂજાના કપડાં જોઈ ભડક્યા યુઝર્સ

મુંબઇ

બોલીવુડની ગ્લેમરસ અભિનેત્રી દિશા પટણી પોતાની બોલ્ડ સ્ટાઈલ અને ફિટનેસના કારણે સોશિયલ મીડિયા પર અવારનવાર છવાયેલી રહે છે, પરંતુ આ વખતે અભિનેત્રી ગણેશોત્સવ જેવા પવિત્ર તહેવાર દરમિયાન પોતાના આઉટફિટની પસંદગીને કારણે સોશિયલ મીડિયા યુઝર્સના ટ્રોલિંગનો ભોગ બની છે. ગણપતિ પૂજાના ધાર્મિક પ્રસંગે અત્યંત ડીપ-કટ બ્લાઉઝ અને રિવિલિંગ પહેરેલી દિશાને જોઈને નેટિઝન્સ ભડકી ગયા છે અને તેને પૂજા-અર્ચના જેવા પ્રસંગોએ મર્યાદા જાળવવાની સલાહ આપી રહ્યા છે. તાજેતરમાં જ બોલિવૂડમાં ગણેશોત્સવની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી, જેમાં મનોરંજન જગતના અનેક જાણીતા કલાકારોએ હાજર રહ્યાં હતા. આ જ ગણપતિની પૂજામાં દિશા પટણી પણ પરંપરાગત પેસ્ટલ કલરની સાડી પહેરીને પહોંચી હતી. જોકે, તેની સાડી સાથેનું બ્લાઉઝ અત્યંત રિવિલિંગ અને બોલ્ડ હતું. આ પૂજાના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકોએ ધાર્મિક સ્થળે આવા કપડાં પહેરવા સામે ગંભીર સવાલો ઉઠાવવાનું શરૂ કરી દીધું હતું. સોશિયલ મીડિયા પર દિશા પટણીનો આ લુક સામે આવ્યા બાદ યુઝર્સે કમેન્ટ સેક્શનમાં પોતાનો રોષ ઠાલવવામાં કોઈ કસર છોડી નહોતી. અનેક યુઝર્સે કમેન્ટ કરતાં લખ્યું કે, 'ઓછામાં ઓછું ભગવાનની પૂજા કે ધાર્મિક કાર્યક્રમોમાં તો યોગ્ય અને સભ્ય કપડાં પહેરવાનું રાખવું જોઈએ.' નેટિઝન્સનું માનવું હતું કે દરેક જગ્યાની એક ગરિમા જાળવવી આવશ્યક હોય છે અને પવિત્ર તહેવારોમાં આવી ગ્લેમરસ કે રિવિલિંગ સ્ટાઈલ બિલકુલ શોભતી નથી. આ ટ્રોલિંગ વચ્ચે નેટિઝન્સે તાજેતરમાં જ વિવાદમાં આવેલી અભિનેત્રી કૃતિ સેનનનો સંદર્ભ પણ આપ્યો હતો. થોડા દિવસો પહેલાં એક પૂજા કાર્યક્રમમાં કૃતિ સેનનના ડ્રેસિંગ લુક પર પણ કેટલાક લોકોએ સવાલો ઉઠાવ્યા હતા. દિશા પટણીનો આ વીડિયો વાયરલ થતાં જ લોકોએ કૃતિના વિવેચકોને ટાંકીને લખ્યું કે, 'જે લોકો કૃતિ સેનનને ડ્રેસિંગ સેન્સ માટે ટ્રોલ કરી રહ્યા હતા, તેઓ હવે આ જોઈ લો!' લોકોનું કહેવું હતું કે કૃતિ કરતાં પણ દિશાનો લુક પૂજા માટે વધુ અયોગ્ય હતો.

**ટ્રોલિંગ અને સોશિયલ મીડિયા પર થઇ રહેલી ટીકાઓ અંગે દિશા પટણી તરફથી હજુ સુધી કોઇ પ્રતિક્રિયા સામે આવી નથી**

# બોક્સ ઓફિસ પર નિષ્ફળ, OTT પર 'હૈવાન'એ મારી બાજી

## ઓટીટી પર 'હૈવાન' ને સારો પ્રતિસાદ મળશે તેનું લાગી રહ્યું છે

મુંબઇ

સાઉથ સુપરસ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક' 26 ઓગસ્ટે બોક્સ ઓફિસ પર રિલીઝ થઈ હતી. જો કે, આ ફિલ્મ ચાહકોને કઈ ખાસ પસંદ આવી નથી. દર્શકોના ખરાબ રિવ્યૂના કારણે અને કમાણીના આંકડા જોતા આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ સાબિત થઈ છે. મહત્વની વાત એ છે કે, બોક્સ ઓફિસ બાદ ઓટીટી પર પણ આ ફિલ્મ કઈ ખાસ કમાલ કરે તેવું લાગતું નથી. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે ઓટીટી પર 'ટોક્સિક' ખૂબ જ ઓછા રૂપિયામાં વેચાઈ છે. ઓટીટી પર 'ટોક્સિક' કરતા અક્ષય કુમારની 'હૈવાન' વધારે મોંઘી વેચાઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. બોક્સ ઓફિસ પર યશની ફિલ્મ 'ટોક્સિક' અને અક્ષય કુમાર - સૈફ અલી ખાનની 'હૈવાન' એકેય સારૂ પ્રદર્શન કરી શકી નથી. બંને ફિલ્મોએ દર્શકોને નારાજ કર્યાં છે. લોકો જે આશાએ થિયેટરમાં આ ફિલ્મ જોવા ગયાં તેવું ખાસ તેમને લાગ્યું નહીં. કમાણીની આંકડાની વાત કરવામાં આવે તો બંનેમાં એક પણ ફિલ્મ હજી પોતાના બજેટ જેટલી પણ કમાણી કરી શકી નથી. પરંતુ 'હૈવાન' ફિલ્મે ઓટીટી પર બાજી મારી હોવાનું જાણવા મળ્યું છે. ઓટીટી પર 'હૈવાન' ને સારો પ્રતિસાદ મળશે તેનું લાગી રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે 11 સપ્ટેમ્બેર રિલીઝ થયેલી 'હૈવાન' ફિલ્મની ઓટીટી ડીલ લગભગ ફાઈનલ થઈ ગઈ છે. હજી તારીખ નક્કી નથી થઈ પરંતુ હા આગામી બેથી ત્રણ અઠવાડિયામાં તે ઓટીટી પર આવી જશે તેવું સૂત્રોનું કહેવું છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે 'હૈવાન' ફિલ્મના ડિજિટલ અને સેટેલાઈટના રાઈટ્સમાં 80 કરોડમાં ડીલ ફાઈનલ થઈ છે. સામે સુપરસ્ટાર યશ 'ટોક્સિક'ની વાત કરવામાં આવે તો, આ ફિલ્મના રાઈટ્સ માત્ર 30 કરોડમાં વેચાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. જો કે, આ અંગે બંને ફિલ્મના મેકર્સ દ્વારા સત્તાવાર રીતે કોઈ જાહેરાત કરવામાં આવી નથી.




# 'હનુમાન અંશ' ફિલ્મે ₹ 300 કરોડ ક્લબમાં કરી એન્ટ્રી

## ઈન્ડિયામાં આ ફિલ્મે ₹272 કરોડની ગ્રોસ કમાણી કરી છે. આ ફિલ્મને જે રીતે સફળતા મળી એમાં ખરેખર હનુમાનકૃપા થઇ હોય એવું ચિત્ર છે

મુંબઇ

માઉથ ટુ માઉથ પબ્લિસિટીથી પોપ્યુલર થયેલી ફિલ્મ 'હનુમાનઅંશ' આખરે 300 કરોડ ક્લબમાં એન્ટ્રી લઈ ચૂકી છે, જ્યારે આ ફિલ્મ રિલીઝ થઈ એ સમયે ઘણાય લોકોને એવું લાગતુ હતું કે, ફિલ્મ નહીં ચાલે, પણ ધીમીગતિએ ફિલ્મે આરામથી 100ની કમાણી કરી લીધી, જ્યારે વર્લ્ડવાઈડ 291 કરોડનું ગ્રોસ ક્લેક્શન કરી દીધું.

ઈન્ડિયામાં આ ફિલ્મે 272 કરોડની ગ્રોસ કમાણી કરી છે. આ ફિલ્મને જે રીતે સફળતા મળી એમાં ખરેખર હનુમાનકૃપા થઈ હોય એવું ચિત્ર છે. દેશના લાખો દર્શકોએ ફિલ્મની વાર્તા, સ્ટારકાસ્ટ, વાર્તાથી લઈને ફ્રેમ સુધી એક અલગ અંદાજથી પ્રેમ વરસાવ્યો છે. કરોડોમાં કમાણી થતા મેકર્સની ખુશી સાત સમંદર પાર પહોંચી છે. ફિલ્મમેકર અનુપ્રિયા નાગરે હવે કૈંચીધામ જઈને નીમકરૌલી બાબાના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે. આશ્રમમાં જઈને શીશ નમાવ્યું છે. અનુપ્રિયાએ પોતાનો એક ફોટો પણ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને કૈંચીધામ પરિસરની ઝલક બતાવી દીધી છે. આ તસવીરમાં તેણે બે હાથ જોડીને મસ્ત પોઝ આપ્યો હતો. અનુપ્રિયાની સ્માઈલ જોઈને એ વાતનો અહેસાસ કરી શકાય છે કે, તે ફિલ્મને મળી રહેલી સફળતા તથા બોક્સ ઓફિસ ક્લેક્શનથી ખુશ છે. આ તસવીરના કેપ્શનમાં તેણે લખ્યું હતું કે, મેં તમારા જ ભરોસે હનુમાન, સાગરમાં નૈયા તારી દીધી, જય હનુમાન, જય મહારાજજી. હકીકત એવી પણ છે કે, અનુપ્રિયા ફિલ્મ બનાવતા પહેલા નીમકરૌલી બાબાના આશ્રમમાં એક ખાસ અસાઈમેન્ટ માટે ગઈ હતી. ઈકોનોમિક્સની વિદ્યાર્થિની રહી ચૂકેલી અને ફિલ્મ સાથે ખાસ કોઈ ક્નેક્શન ન હોવા છતા દમદાર ફિલ્મ બનાવી છે. આ ફિલ્મ 3 મહિલા પ્રોડ્યુસરે મળીને તૈયાર કરી છે, ફિલ્મના બજેટમાં કેટલાક ટકા મહિલાઓએ પોતાના ખિસ્સાના પણ ભોગવ્યા છે. આમ તે તમામ મહિલાઓ 'હનુમાનઅંશ' ફિલ્મ સાથે ઈમોશનલી ક્નેક્ટ છે. અનુપ્રિયાએ પોતાની યુકેની કમાણીનો એક મોટોભાગ ખર્ચી નાંખ્યો હતો. મુંબઈમાં જન્મેલી અને બ્રિટનમાં અભ્યાસ કરીને આવેલી અનુપ્રિયા ખૂબ સારી આર્ટિસ્ટ પણ છે. હવે તે ફિલ્મ પ્રોડ્યુસર પણ છે. એક ખાસ મુલાકાતમાં તેણે એક વાત સરસ કહી હતી કે, નીમકરૌલી બાબાની ભક્તિથી પ્રેરાઈને 'હનુમાનઅંશ' સાથે ક્નેક્ટ થવાનો નિર્ણય કર્યો હતો.






# સારા તેંડુલકરનો સિંપલ બટ ગ્લેમર લૂક ફેન્સને દિવાના કર્યા

## ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરે 'બાપ્પા'નું સ્વાગત કર્યું અને તેમના ચાહકોને તહેવારની શુભેચ્છાઓ પાઠવી

મુંબઇ

સમગ્ર દેશમાં ગણેશોત્સવ ચાલી રહ્યો છે. લોકો એકબીજના ઘરે જઈને બાપ્પાના દર્શન કરી રહ્યા છે તો કોઈ મોટા પંડાલમાં જઈને બાપ્પાને શીશ નમાવી રહ્યા છે. સૌથી વધારે ચર્ચા સેલેબ્સના ગણપતિની થઈ રહી છે ત્યારે સચીન તેંડુલકરની પુત્રી સારા પોતાના ટ્રેડિસનલ અંદાજને કારણે ચર્ચામાં છે. ગણેશોત્સવ દરમિયાન તેણે જે સાદગીથી આઉટફિટ પહેર્યા હતા એ જોઈને ફેન્સ દિલ ખોલીને એના વખાણ કરી રહ્યા છે. સામાન્ય પરિવારજનોની સાથે સાથે દેશભરની જાણીતી અને પ્રખ્યાત હસ્તીઓ પણ આ તહેવાર ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવી રહી છે. ભૂતપૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરે 'બાપ્પા'નું સ્વાગત કર્યું અને તેમના ચાહકોને તહેવારની શુભેચ્છાઓ પાઠવી. સેલિબ્રિટિનું સેલિબ્રેશન આ દરમિયાન, તેમની પુત્રી સારા તેંડુલકર પણ ગણપતિ ઉત્સવના રંગમાં રંગાયેલી જોવા મળી હતી. તેણે સોશિયલ મીડિયા પર તસવીરો શૅર કરી અને પોતાની ભાભી સાનિયા ચાંદોક સાથે પોઝ આપ્યો. બન્ને એકદમ સાદા પણ ગ્લેમરસ લાગી રહ્યા છે.ભાભી સાનિયા કરતા ચર્ચા સારાની થઈ રહી છે. મંગળવારે સવારે સારાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોતાના એકથી એક ચડિયાતા પોઝ શૅર કર્યા હતા. જેમાં તેપોતાના પિતા સચીન સાથે બાપ્પાની આરતી કરી રહી છે. આ પોસ્ટ પર સારાએ લખ્યું હતું કે, મોદક, આરતી, સ્વાદિષ્ટ ભોજન, પરિવાર, મિત્રો અને બાપ્પાના ઘરે હોવાની એ ખાસ અનુભૂતિ. ગણેશ ચતુર્થીની શુભકામનાઓ. ખાસ વાત એ છે કે, આ તમામ ફોટોમાં સારાની માત્ર એક જ તસવીર છે. બીજા એક સ્ટેટસમાં તેણે ઘરે આવેલા બપ્પાનો મસ્ત લૂક લોકોને બતાવ્યો હતો. તેના એક ફોટો પર દોઢ લાખથી વધારે લાઈક્સ આવી ચૂકી છે. પોતાની અનેક એવી તસવીર શૅર ન કરતા લખ્યું હતું કે, 'Ganpu season'. આ સિવાય હાથ જોડતો ઈમોજી પણ શૅર કર્યો હતો. પહેલી તસવીરમાં તે સ્માઈલિંગ પોઝ આપી રહી છે.

# તૈમુર-જેહ માટે કરીના કપૂરના કડક નિયમો, ફોન-લેપટોપ ઝૂંટવી લઉં છું સામે સેફ રિલેક્સ હોય છે

મુંબઇ

બાળકોને મોબાઈલની આદત ન પડે એ માટે દરેક ઘરમાં નાના-મોટા ક્લેશ થતા હોય છે. આ વિષય માત્ર સામાન્ય પરિવારજનોનો જ નથી પણ સેલેબ્સનો પણ બની ગયો છે. આ વિષય પર એક્ટ્રેસ કરીના કપૂરે વાત કહી છે. કરીનાના ખુદના ઘરમાં મોબાઈલ બાળકો પાસેથી છીનવી લેવો પડે એ સ્થિતિ અંગે કરીનાએ વાત કહી છે. કરીના ઘણીવાર પોતાની પર્સનલ



લાઈફને લઈને ચર્ચામાં રહે છે. દીકરા તૈમુર અને જેહને લઈ તે અનેકવાર વાત કહી ચૂકી છે. એક્ટ્રેસ એવી પણ સ્પષ્ટતા કરી ચૂકી છે કે, બાળકોના ઉછેરને લઈને તે થોડી કડક છે, જ્યારે સૈફનું વલણ થોડું રીલેક્સ છે. તાજેતરમાં કરીનાએ એક ખાસ મુલાકાતમાં પોતાના બાળકોના સ્ક્રિન ટાઈમને લઈને દિલ ખોલીને વાત કહી હતી. ફોન ઝૂંટવી લેવો પડે. કરીના બાળકોના સ્ક્રિન ટાઈમ અને ડિજિટલ દુનિયાના એક્સેસને લઈને ખૂબ કડક છે. તૈમુર અને જેહના ફોન તથા લેપટોપનો ઉપયોગ ખૂબ મર્યાદિત છે. એક્ટ્રેસે ઉમેર્યું હતું કે, તૈમુર કે જેહ બન્નેમાંથી કોઈ પાસે ફોન નથી, એક ફોન તૈમુરની કેર કરતી એ લેડી પાસે રહે છે. જેને તે પોતાનો કહે છે. હું ઘણીવાર એને કહું છું કે, આ તેનો ફોન નથી. બાળકોના ડિજિટલ એક્સેસને લઈ હું ઘણી સ્ટ્રિક્ટ છું. સમગ્ર ડિજિટલ વસ્તુઓને લઈને વધારે પરેશાન રહું છું. એ ઘણીવાર મને કહે છે કે, તમે અને પપ્પા તો વારંવાર ફોન પર વાત કરો છો. તેઓ આખો દિવસ ગેમ રમી રહ્યા હોય ત્યારે એના હાથમાંથી ફોન ઝૂંટવી લેવો પડે છે. મારી અવારનવાર ખૂબ જ ચર્ચા થાય છે.

પાક્કો ગુજરાત
ગુરુવાર I 17 સપ્ટેમ્બર 2026 I અમદાવાદ

## પાકિસ્તાનના સાહિબઝાદાને પછાડી બીજા સ્થાને પહોંચ્યો અભિષેક શર્મા

# અભિષેક શર્મા ICC ટી-20 બેટિંગ રેન્કિંગમાં નંબર-2 પર પહોંચ્યો

દુબઇ

અફઘાનિસ્તાન સામેની શરૂઆતની બે ટી-20 મેચોમાં શાનદાર પ્રદર્શન કરનાર ભારતીય બેટ્સમેન અભિષેક શર્મા તાજેતરની ICC ટી-20 બેટિંગ રેન્કિંગમાં નંબર-2 પર પહોંચી ગયા છે. તેમણે પાકિસ્તાનના સાહિબઝાદા ફરહાનને પાછળ છોડ્યા છે. ઈશાન કિશન પહેલાની જેમ નંબર-1 પર યથાવત છે. એટલે કે હવે ટી-20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં ટોપ-2 બેટ્સમેન ભારતના થઈ ગયા છે.



ટોપ-10માં ત્રણ ભારતીય બેટ્સમેન ભારતના મિડલ ઓર્ડર બેટ્સમેન તિલક વર્મા આઠમા સ્થાને છે. આ રીતે ટોપ-10માં ભારતના ત્રણ બેટ્સમેન હાજર છે. ભારતની જેમ ઈંગ્લેન્ડના પણ ત્રણ બેટ્સમેન ટોપ-10માં છે. ભારતીય બોલરોમાં વરુણ ચક્રવર્તી પાંચમા નંબર પર આવી ગયા છે. તેમણે બે સ્થાનની બઢત મેળવી છે. જસપ્રીત બુમરાહ સાત સ્થાન ઉપર ચઢીને 10મા નંબર પર પહોંચી ગયા છે. અર્શદીપ સિંહને 11 સ્થાનનો ફાયદો થયો છે. તેઓ હવે 14મા સ્થાને છે. અક્ષર પટેલ પણ છ સ્થાન ઉપર ચઢ્યા છે. તેઓ 27મા નંબર પર પહોંચી ગયા છે. ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં ઈંગ્લેન્ડના ઓલી રોબિન્સન ત્રીજા નંબર પર પહોંચી ગયા છે. આ તેમના કરિયરની સર્વશ્રેષ્ઠ રેન્કિંગ છે. પાકિસ્તાન સામે 3-0ની WTC સિરીઝ જીતમાં રોબિન્સને 21 વિકેટ લીધી. તેઓ 23 સ્થાન ઉપર ચઢ્યા છે. તેમના ખાતામાં 856 રેટિંગ પોઈન્ટ છે.

રોબિન્સન 850થી વધુ રેટિંગ પોઈન્ટ મેળવનાર ઈંગ્લેન્ડના 16મા બોલર બન્યા છે. જોશ ટંગે સિરીઝમાં 19 વિકેટ લીધી. તેઓ 22 સ્થાનની છલાંગ સાથે 11મા નંબર પર પહોંચી ગયા છે. આ તેમની કારકિર્દીની શ્રેષ્ઠ રેન્કિંગ પણ છે.

## પ્રિયા સરોજ-રિન્કુ સિંહના લગ્ન 4 ડિસેમ્બરે

લખનઉ

સમાજવાદી પાર્ટીના સાંસદ પ્રિયા સરોજ અને ક્રિકેટર રિંકુ સિંહના લગ્નની તારીખ નક્કી થઈ ગઈ છે. બંને 4 ડિસેમ્બરે લખનઉની રમાડા હોટલમાં લગ્નના બંધનમાં બંધાશે. લગ્નની તારીખ નક્કી થયા બાદથી બંનેના પરિવારો તેની તૈયારીઓમાં લાગી ગયા છે. લગ્નમાં પરિવારના સભ્યો ઉપરાંત નજીકના સંબંધીઓ અને ખાસ મહેમાનો હાજર રહી શકે છે. રિંકુ સિંહ ભારતીય ક્રિકેટ ટીમના જાણીતા ખેલાડીઓમાંના એક છે. જ્યારે, પ્રિયા સરોજ ઉત્તર પ્રદેશના મછલીશહરથી સમાજવાદી પાર્ટીના સાંસદ છે. 8 જૂન, 2025ના રોજ બંનેની સગાઈ થઈ હતી. 8 જૂન, 2025ના રોજ ક્રિકેટર રિંકુ સિંહ અને સપા સાંસદ પ્રિયા સરોજની રિંગ સેરેમની લખનઉની 'ધ સેન્ટ્રમ' હોટલમાં થઈ હતી. ત્યારે રિંકુ અને પ્રિયા એકબીજાનો હાથ પકડીને હોલમાં પહોંચ્યા હતા. સ્ટેજ પર રિંકુએ પ્રિયાને વીંટી પહેરાવી, ત્યારે તે ભાવુક થઈ ગઈ અને ધ્રુસકે ધ્રુસકે રડી પડી હતી. ત્યારબાદ બંનેએ હાથ ઊંચા કરીને પ્રેમનો ઈઝહાર કર્યો અને સેરેમનીમાં આવેલા લોકોને થેંક્યુ કહ્યું હતું. આ દરમિયાન પ્રિયાએ પિંક લહેંગો પહેર્યો હતો અને રિંકુ વ્હાઇટ શેરવાની પહેર્યા હતા. રિંગ સેરેમનીના સમયે બેકગ્રાઉન્ડમાં શાહરૂખ ખાનની ફિલ્મ ડંકીનું ગીત ઓ માહી, ઓ માહી વાગી રહ્યું હતું. રિંગ સેરેમની પછી રિંકુ અને પ્રિયાએ કેક કાપી અને એકબીજાને ખવડાવી હતી. ત્યારબાદ મહેમાનો અને પરિવારજનો સાથે પ્રિયા-રિંકુએ જબરદસ્ત ડાન્સ કર્યો હતો.

### હું કોઈ મશીન કે રોબોટ નથી: સંજુ

## અફઘાનિસ્તાન સામે 22 બોલમાં 57 રન ફટકાર્યા બાદ સંજુનું દર્દ છલકાયું

નવી દિલ્હી

દિલ્હી ખાતે અફઘાનિસ્તાન સામે રમાયેલી બીજી T20 મેચમાં સંજુ સેમસને જે જવાબી ઈનિંગ્સની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તે પોતાના બેટથી રમી બતાવી છે. તેણે માત્ર 22 બોલમાં 57 રનની તોફાની અડધી સદી ફટકારીને ભારતની 7 વિકેટથી થયેલી શાનદાર જીતમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. મેચ પૂર્ણ થયા બાદ સંજુએ પોતાની વિસ્ફોટક બેટિંગ ઉપરાંત તેની સામે થતી સતત આલોચનાઓ, સોશિયલ મીડિયા પર થતા બહારના અવાજો અને 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીની ટીમમાં પસંદગી અંગે ખુલીને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. 'હું મશીન કે રોબોટ નથી, ખરાબ કમેન્ટ્સથી



દુઃખ થાય છે': સંજુ સેમસન સંજુએ સ્વીકાર્યું કે ભારતીય ક્રિકેટરોની આસપાસ થતી અવિરત ચર્ચાઓ અને ટીકાઓથી બચવું સરળ નથી અને તેની અસર તેના પર પણ પડે છે. આ વિશે સંજુ સેમસને કહ્યું કે, 'હું Wi-Fi બંધ રાખવાનો પ્રયાસ કરું છું, પરંતુ ક્યારેક Wi-Fi ઓન થઈ જાય છે અને સોશિયલ મીડિયા પર કેટલાક નેગેટિવ કમેન્ટ્સ સામે આવી જાય છે.' પૂર્વ કે સિનિયર ખેલાડીઓની ટિપ્પણીઓ અંગે તેણે કહ્યું કે કેટલાક ખેલાડીઓ તેના વિશે બોલે છે અને કેટલાક નથી બોલતા, જે તેમની તે સમયની માનસિક સ્થિતિ અને પસંદગી પર નિર્ભર કરે છે; કોઈ સકારાત્મક શબ્દો વાપરે છે તો કોઈ નકારાત્મક. આ વિશે સંજુ સેમસને વધુમાં કહ્યું કે, 'હું કોઈ મશીન કે રોબોટ નથી. તમે એક માણસ છો એટલે થોડી ઘણી અસર તો થાય જ છે અને ખરાબ પણ લાગે છે.

## ઈંગ્લેન્ડના બેટરે એક જ ઓવરમાં 30 રન ઝૂડી કાઢ્યાં

### શ્રીલંકા સામે રમાયેલી પ્રથમ ટી20 મુકાબલામાં બ્રૂકે અણનમ 114 રનની ઐતિહાસિક ઈનિંગ રમી હતી

ઈસ્લામાબાદ

ઈંગ્લેન્ડના હેરી બ્રૂકે શ્રીલંકા સામેની પ્રથમ T20 મેચમાં 49 બોલમાં અણનમ 114 રન ફટકારી સનસનાટી મચાવી હતી.

તેણે દુનિથ વેલ્લાલગેની એક ઓવરમાં 30 રન ઝૂડી કાઢ્યા હતા, જેમાં 3 છગ્ગા અને 3 ચોગ્ગા સામેલ હતા. બ્રૂકની આ ધમાકેદાર બેટિંગથી ઈંગ્લેન્ડે 254 રન બનાવી 119 રને વિજય મેળવ્યો હતો. ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી હેરી બ્રૂકે પોતાની તોફાની બેટિંગથી ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે. શ્રીલંકા સામે રમાયેલી પ્રથમ ટી20 મુકાબલામાં બ્રૂકે અણનમ 114 રનની ઐતિહાસિક ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે



શ્રીલંકાના બોલર દુનિથ વેલ્લાલગેના એક જ ઓવરમાં 30 રન કૂટી કાઢ્યા હતા, જેમાં તેણે 3 છગ્ગા અને 3 ચોગ્ગા ફટકાર્યા હતા. બ્રૂકની આ ધમાકેદાર બેટિંગના જોરે ઈંગ્લેન્ડે શાનદાર જીત મેળવી હતી. ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટન હેરી બ્રૂકે શ્રીલંકા સામેની પહેલી ટી20 મેચમાં માત્ર 49 બોલમાં અણનમ 114 રનની તોફાની ઈનિંગ રમી હતી. પોતાની આ શાનદાર ઈનિંગ દરમિયાન તેણે 10 ચોગ્ગા અને 6 ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા. મેચની પાંચમી ઓવરમાં બ્રૂકે શ્રીલંકાના બોલર દુનિથ વેલ્લાલગે પર એવો કહેર વર્તાવ્યો કે એક જ ઓવરમાં 30 રન વસૂલ કરી લીધા. બ્રૂકે વેલ્લાલગેના પહેલા જ બોલ પર મિડ ઓન ની દિશામાં શાનદાર છગ્ગો ફટકાર્યો હતો. ત્યારબાદ બીજા અને ત્રીજા બોલ પર બે કડક ચોગ્ગા જડ્યા. સતત ત્રણ બાઉન્ડ્રી ફટકાર્યા પછી બ્રૂકે ચોથા અને પાંચમા બોલ પર પણ સિક્સરનો વરસાદ કર્યો. બોલરને એમ લાગ્યું કે તે છેલ્લા બોલ પર પુનરાગમન કરશે, પરંતુ બ્રૂકે છેલ્લા બોલ પર પણ ચોગ્ગો ફટકારીને ઓવરમાં પૂરા 30 રન બનાવી દીધા. આ તોફાની બેટિંગના કારણે બ્રૂકે માત્ર 20 બોલમાં જ પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી હતી. શ્રીલંકા સામે હેરી બ્રૂકની વિસ્ફોટક બેટિંગના કારણે ઈંગ્લેન્ડની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટના નુકસાને મસમોટા 254 રનનો પહાડ જેવો સ્કોર બનાવ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી બ્રૂક ઉપરાંત જોસ બટલરે પણ આક્રમક બેટિંગ કરી હતી. બટલરે માત્ર 44 બોલમાં 8 વિકેટ અને 3 છગ્ગાની મદદથી 80 રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ ઉપરાંત વિલ જેક્સે 21 રન, એન્યુરિન ડોનાલ્ડે 12 રન અને ટૉમ બેન્ટને 10 રનનું યોગદાન આપ્યું હતું.



### તહેવારો નિમિત્તે માંગ ઊંચી રહેવાની ધારણાએ ડીલરો દ્વારા નોંધપાત્ર સ્ટાક ઊભો કરાયા

# પેસેન્જર વાહનોની નિકાસમાં 17 ટકાનો ઘટાડો

મુંબઇ

મુંબઈમાં ઓગસ્ટમાં પેસેન્જર વાહનોની નિકાસ 17% ઘટી, જ્યારે ઘરેલુ ડિસ્પેચ 36% વધ્યું. ડીલરોએ તહેવારોની માંગને પહોંચી વળવા સ્ટોક વધાર્યો, જે અત્યાર સુધીનો સૌથી વધુ 439309 યુનિટનો રેકોર્ડ છે. મજબૂત ગ્રાહક વિશ્વાસ અને ગ્રામીણ બજારોની માંગથી ઓટો ઉદ્યોગ વૃદ્ધિના તબક્કામાં છે. કુલ રિટેલ વેચાણ 18% વધી 24,23,201 યુનિટ થયું. મુંબઈ : ઓગસ્ટમાં ભારતમાંથી પેસેન્જર વાહનોની નિકાસ વાર્ષિક ધોરણે ૧૭ ટકા ઘટી છે જ્યારે ઘરઆંગણે ઉત્પાદન એકમો ખાતેથી ડીલરોને ઊતારૂ વાહનોની રવાનગીમાં ૩૬ ટકાથી વધુનો નોંધપાત્ર વધારો થયો છે.



તહેવારોની મોસમને ધ્યાનમાં રાખી વાહનોના સ્ટોકિંગને કારણે રવાનગીમાં વધારો જોવા મળ્યો હોવાનું સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેકચરર્સ (સિઅમ)ના સુત્રો જણાવી રહ્યા છે. ઘરઆંગણે ઊતારૂ વાહનોનું ડિસ્પેચ જે ગયા વર્ષના ઓગસ્ટમાં ૩૨૧૯૦૧ એકમ રહ્યુ હતું તે વર્તમાન વર્ષના સમાન મહિનામાં ૩૬.૫૦ ટકા વધી ૪૩૯૩૦૯ એકમ રહ્યું છે. કોઈ ઓગસ્ટમાં અત્યારસુધીની આ સૌથી વધુ રવાનગી છે. આનાથી વિપરીત ગત મહિને પેસેન્જર વ્હીકલ્સની નિકાસ ૧૭ ટકા ઘટી ૬૮૨૩૦ એકમ રહી છે જે ગયા વર્ષના ઓગસ્ટમાં ૮૨૨૪૬ રહી હતી એમ સિઅમના ડેટા જણાવે છે. નિકાસ ડેટામાં ટાટા મોટર્સ સહિત કેટલીક કંપનીના આંકનો સમાવેશ કરાયો નથી.પેસેન્જર કાર્સની નિકાસ ૫૧.૫૦ ટકા ઘટી ૨૧૧૮૧ રહી છે જે ગયા વર્ષના ઓગસ્ટમાં ૪૩૬૫૦ કાર્સ રહી હતી.ઊતારૂ વાહન સેગમેન્ટસમાં ઘરઆંગણે માગ મજબૂત રહી છે. ઊતારૂ કારની રવાનગી ૨૩.૮૦ ટકા વધી ૧૧૨૦૧૧ રહી છે. ઊતારૂ વાહનોનું ઉત્પાદન ૨૫ ટકાથી વધુ વધી ૪૫૪૨૬૬ એકમ રહ્યું છે જે ગયા વર્ષના ઓગસ્ટમાં ૩૬૧૪૮૯ વાહન રહ્યું હતું.

તંદૂરસ્ત માગને કારણે ઓગસ્ટના આંકડા મજબૂત રહેવા પામ્યા હોવાનું સિઅમના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

### જંતુનાશકોના અવશેષો અને અયોગ્ય સંગ્રહ મુખ્ય કારણો

# EUના ગુણવત્તા ધોરણો પૂર્ણ કરવામાં ભારતીય ચોખાના શિપમેન્ટ નિષ્ફળ

મુંબઇ

યુરોપિયન યુનિયનમાં ભારતીય ચોખાની નિકાસ સામે મોટા પડકારો ઊભા થયા છે. EUના કડક ગુણવત્તા ધોરણોને કારણે ભારતના 52 ચોખા કન્સાઈનમેન્ટ અટકાવવામાં આવ્યા છે. પાકિસ્તાનના 55 કન્સાઈનમેન્ટ અટકાવાયા બાદ ભારત બીજા ક્રમે છે. જંતુનાશકોના અવશેષો અને અયોગ્ય સંગ્રહ મુખ્ય કારણો છે. નિકાસકારોની જંતુનાશક પ્રતિબંધની માંગ પર સરકારનો પ્રતિસાદ નથી. યુરોપિયન યુનિયન (ઈયુ) બજાર ભારતીય ચોખા નિકાસકારો માટે એક મોટો પડકાર બની રહ્યું છે. ઘણા ભારતીય ચોખાના શિપમેન્ટ ઈયુના કડક ગુણવત્તા અને ખાદ્ય સુરક્ષા ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા છે. નોંધનીય છે કે, દેશમાં ચોખાની




નિકાસનું નિરીક્ષણ કરતી બે મુખ્ય એજન્સીઓ, કૃષિ અને પ્રક્રિયા કરેલ ખાદ્ય ઉત્પાદનો નિકાસ વિકાસ સત્તામંડળ (એપેડા) અને નિકાસ નિરીક્ષણ પરિષદ વચ્ચે જવાબદારીના સ્પષ્ટ રેખાંકનનો અભાવ પણ સમસ્યાનું મુખ્ય કારણ માનવામાં આવે છે. જુલાઈ ૨૦૨૬માં ઈન્ડિયન કાઉન્સિલ ફોર રિસર્ચ ઓન ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન્સ દ્વારા પ્રકાશિત એક કાર્યકારી પત્ર અનુસાર, ભારતે ૨૦૨૫માં ઈયુને આશરે ૪૭૪,૦૦૦ ટન ચોખાની નિકાસ કરી હતી.

તેમાંથી ૫૨ કન્સાઈનમેન્ટ અટકાવવામાં આવ્યા હતા. ચોખા સપ્લાય કરતા મુખ્ય દેશોમાં, ભારત આ સંદર્ભમાં પાકિસ્તાન પછી બીજા ક્રમે છે, જ્યાં ૫૫ કન્સાઈનમેન્ટ અટકાવવામાં આવ્યા હતા. ભારતીય ચોખાના માલને નકારવાનું એક સૌથી સામાન્ય કારણ જંતુનાશકોના અવશેષોની હાજરી છે, જે ઈયુમાં પ્રતિબંધિત છે પરંતુ ભારતમાં હજુ પણ ઉપયોગમાં લેવાય છે. વધુમાં, કેટલાક કિસ્સાઓમાં ચોખાના અયોગ્ય સંગ્રહ અને લણણી પછીના સંચાલનને કારણે ફૂગ સંબંધિત સમસ્યાઓ પણ નોંધાઈ છે.

### મિડલ ઈસ્ટમાં યુદ્ધ જેવી સ્થિતિને કારણે

# ચાંદીમાં તેજીનો ચમકારો: બજાર ખૂલતાં જ 3870 રૂપિયાનો જબરદસ્ત ઉછાળો

**બજાર ખુલતાની સાથે જ સોનામાં 1291 રૂપિયાનો મોટો વધારો થયો, જ્યારે ચાંદીમાં 3870 રૂપિયાનો જબરદસ્ત ઉછાળો નોંધાયો. રોકાણકારો માટે આ કિંમતી ધાતુઓ આકર્ષણનું કેન્દ્ર બની છે.**

નવી દિલ્હી

મિડલ ઈસ્ટમાં અસ્થિરતા અને એકથી વધુ દેશો વચ્ચે યુદ્ધની સ્થિતિ વધતાં MCX (મલ્ટી કોમોડિટી એક્સચેન્જ) પર કિંમતી ધાતુઓમાં ભારે તેજી જોવા મળી રહી છે. આજે બજાર ખૂલતાંની સાથે જ ચાંદીના ભાવમાં જબરદસ્ત તેજી નોંધાઈ હતી, જ્યારે સોનામાં પણ 1291 રૂપિયાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે. કિંમતી ધાતુઓમાં આવેલી આ અચાનક તેજી રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. સોનામાં 1291 રૂપિયાનો સીધો જમ્પ સોનાના આંકડાઓ પર નજર કરીએ તો, MCX પર ઓક્ટોબરના સોનાનો અગાઉનો બંધ ભાવ (Previous Close) 150809 રૂપિયા હતો. આજે બજાર ખૂલતાં જ તેનો નવો ઓપન



ભાવ (Open) સીધો 152100 રૂપિયા નોંધાયો હતો. આમ, જૂના બંધ ભાવ અને નવા ઓપન ભાવ વચ્ચે ગણતરી કરીએ તો બજાર ખૂલતાની સાથે જ સોનામાં 1291 રૂપિયાનો સીધો ઉછાળો જોવા મળ્યો છે. ચાંદીમાં બમ્પર ઉછાળો બીજી તરફ, ચાંદીમાં પણ તેજીનો મોટો ચમકારો જોવા મળ્યો છે. ડિસેમ્બરની ચાંદીનો અગાઉનો બંધ ભાવ (Previous Close) 232118 રૂપિયા હતો, જેની સામે આજે નવો ઓપન ભાવ (Open) 235785 રૂપિયા ખૂલ્યો હતો. એટલે કે ઓપનિંગમાં જ 3667 રૂપિયાનો વધારો થયો હતો. ત્યારબાદ ટ્રેડિંગ સત્ર દરમિયાન ચાંદીએ 235988 રૂપિયાની ઊંચી સપાટી (High) વટાવતા અગાઉના બંધ ભાવની સરખામણીમાં મહત્તમ 3870 રૂપિયાનો જબરદસ્ત ઉછાળો નોંધાવ્યો હતો. મિડલ ઈસ્ટમાં અસ્થિરતા અને એકથી વધુ દેશો વચ્ચે યુદ્ધની સ્થિતિ વધતાં MCX (મલ્ટી કોમોડિટી એક્સચેન્જ) પર કિંમતી ધાતુઓમાં ભારે તેજી જોવા મળી રહી છે. આજે બજાર ખૂલતાંની સાથે જ ચાંદીના ભાવમાં જબરદસ્ત તેજી નોંધાઈ હતી, જ્યારે સોનામાં પણ 1291 રૂપિયાનો મોટો ઉછાળો જોવા મળ્યો છે. કિંમતી ધાતુઓમાં આવેલી આ અચાનક તેજી રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. સોનામાં 1291 રૂપિયાનો સીધો જમ્પ સોનાના આંકડાઓ પર નજર કરીએ તો, MCX પર ઓક્ટોબરના સોનાનો અગાઉનો બંધ ભાવ (Previous Close) 150809 રૂપિયા હતો.

# રેપિડોની મૂળ કંપની પર 10 લાખ રૂપિયાનો દંડ

- **જબરદસ્તીથી વધારાના પૈસા અને ટિપ વસૂલવાનો આરોપ, ભાડું ન વધારવા પર રાઇડ ન મળવાનો ડર બતાવે છે**

મુંબઇ

કન્ઝ્યુમર ઓથોરિટી CCPA એ રાઈડ-હેલિંગ પ્લેટફોર્મ રેપિડોની મૂળ કંપની પર 10 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. ઓથોરિટીએ દેશભરના કેબ અને બાઈક-ટેક્સી સેક્ટરની તપાસ કરી હતી. આ દરમિયાન જાણવા મળ્યું કે રેપિડો એપ રાઈડ બુકિંગ સમયે ખોટી રીતો અપનાવી રહી હતી. કંપની ગ્રાહકો પાસેથી પ્રી-રાઈડ ટિપિંગ એટલે કે રાઈડ શરૂ થાય તે પહેલાં ટિપ માંગી રહી હતી. આ ઉપરાંત, ડાયનેમિક પ્રાઈસિંગ સંબંધિત ગડબડીઓ પણ મળી. કંપની એપની ડિઝાઈનથી એવું વાતાવરણ બનાવતી હતી, જેનાથી ગ્રાહક પર વધુ પૈસા આપવાનું દબાણ બનતું હતું. જ્યારે ગ્રાહક એપ પર રાઈડ બુક કરતો હતો, ત્યારે એપ પહેલા એક નિશ્ચિત ભાડું બતાવતી હતી. બુકિંગ પ્રક્રિયા શરૂ થતાં જ અલગ-અલગ મેસેજ આવવા લાગતા હતા. એપ પર લખેલું આવતું હતું - જેટલું વધારે ભાડું આપશો, રાઈડ મળવાની શક્યતા તેટલી વધારે હશે. આ ઉપરાંત એપ પર એક બીજો મેસેજ દેખાતો હતો - ડ્રાઈવર 60 રૂપિયામાં રાઈડ સ્વીકાર નથી કરી રહ્યા, 10, 20 કે 30 રૂપિયા વધારીને જુઓ. રેપિડોના આ અલ્ગોરિધમથી ગ્રાહકના મનમાં ગેરસમજ ઊભી થતી હતી. તેને લાગતું હતું કે વધારે પૈસા આપ્યા વિના જલ્દી ગાડી નહીં મળે.

# શ્રી બળિયાદેવ યુવક મંડળ દ્વારા 19મો ગણપતિ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો

## પ્રમુખ પવન માકને પરિવાર સાથે ગણેશજીની મહાઆરતી કરી આશીર્વાદ મેળવ્યા, શ્રદ્ધાળુઓમાં અદભુત ઉત્સાહ!!





અમદાવાદ

વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને મંગલમૂર્તિ શ્રી ગણેશજીના ઉત્સવની સમગ્ર રાજ્યભરમાં અત્યંત ઉત્સાહ અને આસ્થા સાથે ઉજવણી થઈ રહી છે. તેવામાં અમદાવાદના આંગણે શ્રી બળિયાદેવ યુવક મંડળ દ્વારા આયોજિત ૧૯મા ભવ્ય ગણપતિ મહોત્સવમાં ભક્તિ, શ્રદ્ધા અને અદભુત ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. ગણેશ મહોત્સવના આ પાવન અને દિવ્ય પ્રસંગે મંડળના પ્રમુખ પવન માકને પોતાના પરિવાર સાથે વિશેષ ઉપસ્થિત રહીને વિઘ્નહર્તા બાપ્પાની મનોભાવથી મહાઆરતી ઉતારી હતી. તેમણે સમગ્ર પરિવાર સાથે ભગવાન ગણેશજીના દિવ્ય દર્શન કરી, શીશ ઝુકાવીને સુખ, શાંતિ અને સમૃદ્ધિના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ પ્રસંગે મંડળના પ્રમુખ પવન માકને ઉત્સવની પૃષ્ઠભૂમિ આપતાં જણાવ્યું હતું કે, 'ગણપતિ બાપ્પાની અપરંપાર કૃપા અને યુવાનોના સહિયારા પુરુષાર્થથી છેલ્લા ૧૯ વર્ષોથી આ ભવ્ય ગણેશ મહોત્સવનું આયોજન નિરંતર સફળતાપૂર્વક થઈ રહ્યું છે.'

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે શ્રી બળિયાદેવ યુવક મંડળના દરેક નાહના-મોટા સભ્યોના અખંડ સાથ-સહકાર, સમર્પણ ભાવના અને દિવસ-રાતની મહેનતના કારણે જ દર વર્ષે આ મહોત્સવ વધુ ને વધુ આકર્ષક, દિવ્ય અને શ્રદ્ધામય બનતો જાય છે.

**નવીન થીમ આધારિત સજાવટ અને યુવાનોનો અદમ્ય ઉત્સાહ |** આ મહોત્સવની મુખ્ય ખાસિયત એ રહી છે કે દર વર્ષે યુવક મંડળ દ્વારા કંઈક નવીન, આકર્ષક મંડપ સજાવટ અને સાંસ્કૃતિક આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ ગણેશજીની અદભુત પ્રતિમા અને ભવ્ય પંડાલે સર્વે ભક્તોના દિલ જીતી લીધા છે. મંડળના કાર્યકરોનો અદમ્ય ઉત્સાહ અને અવિરત ભક્તિભાવ જોઈને આસપાસના રહીશો તથા દૂર-દૂરથી આવતા શ્રદ્ધાળુઓ મંત્રમુગ્ધ થઈ ગયા હતા. આયોજનને સફળ બનાવવા માટે માત્ર યુવક મંડળ જ નહીં, પરંતુ આસપાસના સ્થાનિક નાગરિકો પણ યથાશક્તિ આર્થિક અને શારીરિક યોગદાન આપીને ઉત્સવની શોભામાં ચાર ચાંદ લગાવી રહ્યા છે.

**વિશ્વશાંતિ અને સમગ્ર દેશની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના |** મહાઆરતી સંપન્ન થયા બાદ પવન માકને ભાવુક હૃદયે દેશવાસીઓ માટે મંગલ કામના કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'અમે વિઘ્નહર્તા બાપ્પાના ચરણોમાં એ જ શીશ ઝુકાવીને પ્રાર્થના કરી છે કે ભગવાન દેશના તમામ નાગરિકોને ઉત્તમોત્તમ આરોગ્ય, દીર્ઘાયુ, સુખ અને સમૃદ્ધિ બક્ષે. ગણેશજી દરેક ભક્તોના તમામ વિઘ્નો, દુઃખ અને દરિદ્રતા દૂર કરે તેમજ સમગ્ર સમાજમાં ભાઈચારો અને સુખ-શાંતિનો વાસ થાય.'

**ગગનભેદી જયઘોષથી સમગ્ર વિસ્તાર ભક્તિમય બન્યો |** ગણેશ મહોત્સવ દરમિયાન યોજાયેલી આ મહાઆરતીમાં સ્ત્રીઓ, પુરુષો, બાળકો અને મંડળના તમામ કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. ઢોલ-નગારાના તાલ અને ઝાંઝ-પખાવાજના મધુર નાદ સાથે 'ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વરશી લૌકર યા'ના ગગનભેદી નારાઓથી સમગ્ર વાતાવરણ ભક્તિરસમાં સરોબોર થઈ ગયું હતું. આરતી બાદ તમામ ભક્તો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# પૂર્વ વિસ્તારમાં એક જ દિવસમાં 5 સ્થળેથી દારૂ ઝડપાયો : SP રિંગ રોડ પરથી કન્ટેનર ઝડપાયુ

### વટવાની મહિલા બુટલેગરોને દારૂની ડિલિવરી આપવા આવેલી દાહોદની ત્રણ મહિલા ઝડપાઈ

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વધી રહેલી દારૂની હેરાફેરી સામે પોલીસની વિવિધ એજન્સીઓએ લાલ આંખ કરી છે. 15 સપ્ટેમ્બરે એક જ દિવસમાં શહેરના વટવા, રામોલ, દરિયાપુર, ઓઢવ, એસપી રીંગ રોડ સહિતના વિસ્તારોમાં ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને પીસીબી જેવી એજન્સીઓ દ્વારા દરોડો પાડીને દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. સીટીએમ એક્સપ્રેસ વે પાસેથી વટવા વિસ્તારમાં મહિલા બુટલેગરોને દારૂ સપ્લાય કરવા આવેલી દાહોદની ત્રણ મહિલાને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી છે. ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, સીટીએમ ચાર રસ્તા એક્સપ્રેસ હાઈવે પાસે ત્રણ મહિલા વિદેશી દારૂનો જથ્થો લઈને ઊભી છે અને રિક્ષાથી દારૂ ડિલિવરી કરવા જવાની છે. જેના આધારે એક થેલા સાથે ઉભેલી ત્રણ મહિલાની પૂછપરછ કરતા મૂળ દાહોદના રહેવાસી હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેમની પાસે રહેલા થેલામાં તપાસ કરતા અલગ-અલગ દારૂની 490 બોટલો મળી આવી હતી. પોલીસે ત્રણેયની પૂછપરછ કરતા જણાવ્યું હતું કે, દારૂનો જથ્થો મધ્યપ્રદેશ બોર્ડરના માંડલીક ગામના દારૂના ઠેકા પરથી લાવી અને વટવા વિસ્તારમાં રહેતી રેસા, સુશીલા અને મનીષા નામની ત્રણ મહિલાને દારૂનો જથ્થો આપવા આવ્યા હતા. પોલીસે તમામની ધરપકડ કરી છે. ઝોન 8 ડીસીપીની એલસીબીની ટીમને બાતમી મળી હતી કે, વટવા વિસ્તારમાં ઘોડાસર સ્મૃતિ મંદિર રોડ પર આલોક બંગલોની સામે કેનાલ પર એક યુવક જ્યુપિટર વાહન પર દારૂનો જથ્થો લઈને ઉભો છે.



પાનના ગલ્લે બોલાવી માથામાં ચપ્પુના ઘા ઝીંક્યા

# રખિયાલમાં યુવતી મામલે મિત્રો વચ્ચે લોહિયાળ ખેલ

અમદાવાદ

અમદાવાદના રખિયાલમાં યુવતીની બાબતે થયેલા વિવાદમાં એક મિત્રએ જ બીજા મિત્ર મોહમ્મદ સુફેલ ઉર્ફે ગોલુ પર ચપ્પુથી જીવલેણ હુમલો કર્યો છે. ચકુડિયા મહાદેવ મંદિર સામે પાનના ગલ્લા પર બનેલી આ ઘટનામાં 22 વર્ષીય સુફેલ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. રખિયાલ પોલીસે આરોપી સમીર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

અમદાવાદ શહેરમાં નજીવી તકરાર અને અંગત અદાવતમાં હિંસક હુમલાની ઘટનાઓ ચિંતાજનક રીતે સામે આવી રહી છે. પૂર્વ વિસ્તાર ગણાતા રખિયાલમાં યુવતીની બાબતે થયેલા વિવાદમાં એક મિત્રે જ બીજા મિત્ર પર ચપ્પુથી જીવલેણ હુમલો કરી દેતાં ભારે ચકચાર મચી ગઈ છે. ચકુડિયા મહાદેવ મંદિર સામે જાહેરમાં પાનના ગલ્લા પર બનેલી આ ઘટનામાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં બળિયા કાકા ચાર રસ્તા પાસે આવેલી કાશીબાઈની ચાલીમાં રહેતો 22 વર્ષીય મોહમ્મદ સુફેલ ઉર્ફે ગોલુ મોઈનુદ્દીન પઠાણ POP મજૂરીકામ કરીને ગુજરાન ચલાવે છે. સોમવારે સાંજે આશરે 7:00 વાગ્યાની આસપાસ તે તેના મિત્ર સમીર સિકંદર સૈયદ સાથે રખિયાલ ચકુડિયા મહાદેવ મંદિર સામે આવેલા પાનના ગલ્લા પર ઊભો હતો. તે દરમિયાન, ચકુડિયા મહાદેવના છાપરામાં રહેતા તેના પરિચિત સમીરે સુફેલને ફોન કરીને તેનું લોકેશન પૂછ્યું હતું. સુફેલે પોતે પાનના ગલ્લે હોવાનું જણાવતાં જ સમીર માત્ર 2 થી 3 મિનિટમાં એક્સેસ ટુ-વ્હીલર લઈને ત્યાં પહોંચી ગયો હતો. ત્યાં પહોંચતાંની સાથે જ આરોપી સમીરે એક યુવતીની બાબતને લઈને ઉગ્ર બની જઈ સુફેલ સાથે ગાળાગાળી શરૂ કરી દીધી હતી તેમજ તેને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. સુફેલે ગાળો બોલવાની અને મારપીટ કરવાની ના પાડતાં આરોપી સમીર વધુ ઉશ્કેરાયો હતો.

વન વિભાગે પાંજરા ગોઠવ્યા

# સાણંદમાં એક મહિનામાં બીજી વખત દીપડો દેખાતા ફફડાટ મચ્યો





અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સાણંદ પંથકમાં એક મહિનામાં બીજી વખત દીપડાની દહેશત છે. મોટી દેવતી ગામ રોડ પાસે દીપડાના પંજા દેખાયા હોવાની સ્થાનિક લોકોએ વન વિભાગને જાણ કરી હતી. જંગલ જેવા વિસ્તારમાં ઈંટોના ભઠ્ઠા નજીક એક શ્વાનનું મારણ પણ કરવામાં આવ્યું છે. જે બાદ વન વિભાગે સર્ચ હાથ ધર્યું અને પાંજરા પણ ગોઠવ્યા છે. જુલાઈ અને ઓગસ્ટ, 2026માં પણ અમદાવાદ શહેર અને સાણંદ તાલુકાની આસપાસ દીપડો ફરી રહ્યો હતો. સાણંદ રેન્જના વન વિભાગના RFO હરેશભાઈ દેસાઈએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગઈકાલે 15 સપ્ટેમ્બરના મોટીદેવતી ગામે દીપડો દેખાયો હોવાની માહિતી મળી હતી. જેના આધારે ટીમ દ્વારા ત્યાં તપાસ કરવામાં આવી હતી અને જે પંજાના ફૂટ પ્રિન્ટ મળી આવ્યા છે તે દીપડાના હોવાની પૂરી શક્યતા છે.

હરેશ દેસાઈએ વધુમાં જણાવ્યું કે, અમે દીપડાને પકડવા પાંજરા ગોઠવ્યા છે. અગાઉ પણ મોટી દેવતી ગામ પાસે જ દીપડો દેખાયો હોવાના ફૂટ પ્રિન્ટ મળી આવ્યા હતા અને તેની પાછળના ભાગે જ ફરી એકવાર આ ફૂટ પ્રિન્ટ મળી આવ્યા છે. જેથી દીપડો આસપાસમાં હોવાની શક્યતાના પગલે હાલમાં તેને પકડવા માટે કામગીરી કરવામાં આવી રહી છે.

અમદાવાદના પોશ વિસ્તાર એવા ઘુમામાં પણ દીપડાએ દેખા દીધી હતી. 19 જુલાઈએ મોડી રાત્રે શરણદીપ સોસાયટીના એક બંગ્લોઝમાં કોટ કૂદીને દીપડો ઘૂસ્યો હતો. બાદમાં સોસાયટીના કૂતરા દીપડાની પાછળ દોડ્યા હતા.

## પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાનું કહી 8 લોકો સાથે ₹19.60 લાખની ઠગાઈ

અમદાવાદ

અમદાવાદ શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં એક ગઠિયાએ આવાસ યોજનામાં મકાન અપાવવાનું કહીને 8 લોકો પાસેથી 19.60 લાખ રૂપિયા પડાવ્યા છે. ગઠિયાએ પોતે ઔડાના ડાયરેક્ટર હોવાની ખોટી ઓળખ આપીને લોકોને વિશ્વાસ અપાવ્યો હતો. પૈસા લીધા બાદ મકાન ન આપીને ગોળ-ગોળ જવાબ આપતો હતો, જેથી તપાસ કરાવતા ગઠિયાએ ઠગાઈ કરી હોવાની જાણ થતા વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગોતામાં રહેતા જયશ્રીબેન શર્માએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, નવેમ્બર, 2025માં તેમનો પરિચય રાજેશસિંહ રાઠોડ સાથે થયો હતો. રાજેશે તેમને જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનમાં ફોર્મ ભરીને તે ચોક્કસ મકાન લગાડી આપશે, તે પોતે ઔડાના મકાનનો બોર્ડ ઓફ ડિરેક્ટર છે. મકાન લેવા માટે પહેલા રૂપિયા આપવા પડશે, બાદમાં બાકીની રકમની લોન પણ તે કરાવી આપશે.

પત્ની ગુમાવનાર પતિના આંસુ અને આક્રોશ સામે ન્યાયની જીત!

# બોપલ-શીલજ કેનાલ રોડ હિટ એન્ડ રન કેસનો પર્દાફાશ

અમદાવાદ

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલા બોપલ-શીલજ કેનાલ રોડ પર બનેલી હિટ એન્ડ રનની અત્યંત કરુણ ઘટનામાં બોપલ પોલીસને મોટી સફળતા સાંપડી છે. અકસ્માતમાં માસુમ મહિલાને કચડીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયેલા બાઈકચાલક આરોપીને બોપલ પોલીસે રાજસ્થાનના ડુંગરપુર સરહદેથી ઝડપી લીધો છે. અકસ્માતમાં પત્ની ગુમાવનારા પતિએ મીડિયા અને પોલીસ સામે રડતાં રડતાં પોતાની વ્યથા ઠાલવી ન્યાયની ગુહાર લગાવી હતી, જે બાદ પોલીસે ચક્રો ગતિમાન કરી આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. મળતી વિગતો મુજબ, બોપલ-શીલજ કેનાલ રોડ પરથી દંપતી પસાર થઈ રહ્યું હતું ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે અને બેદરકારીપૂર્વક આવી રહેલા વાહનચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં મહિલા ગંભીર રીતે ઘવાઈ હતી અને સારવાર મળે તે પહેલાં જ તેનું દર્દનાક મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જ્યા બાદ આરોપી પોતાનું વાહન લઈને ક્ષણવારમાં સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટના બાદ મૃતક મહિલાના પતિનો રડી પડતો વીડિયો અને નિવેદન સામે આવ્યા હતા.

પોતાની આંખો સામે જીવનસંગિનીને ગુમાવી ચૂકેલા પતિએ ધ્રુસકે ધ્રુસકે રડતા તંત્ર સામે અપીલ કરી હતી કે, 'મારી દુનિયા ઉજડી ગઈ છે, મને કમેસે કમ ન્યાય આપો અને આરોપીને કડકમાં કડક સજા કરો.' આ કરુણ દ્રશ્યો સામે આવ્યા બાદ સમગ્ર અમદાવાદમાં અરેરાટી વ્યાપી ગઈ હતી અને બોપલ પોલીસ પર આરોપીને તાત્કાલિક પકડવાનું ભારે દબાણ ઊભું થયું હતું. અકસ્માત સ્થળ અને કેનાલ રોડના રૂટ પરના ડઝનબંધ સીસીટીવી (CCTV) કેમેરા ખંખાળવામાં આવ્યા હતા. સીસીટીવીના આધારે આરોપીના વાહનનો નંબર અને ઓળખ છતી થઈ હતી. આરોપી અમદાવાદમાંથી ભાગીને રાજસ્થાન તરફ સરકી ગયો હોવાની ચોક્કસ બાતમી મળતાં જ બોપલ પોલીસની ટીમે પીછો કર્યો હતો. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી પોલીસે આરોપીને રાજસ્થાનના ડુંગરપુર વિસ્તારમાંથી દબોચી લીધો હતો.

## સંક્ષીપ્ત સમાચાર

### પરિવહનના ફેક ટેક્સ્ટ મેસેજમાં લિંક પર ક્લિક કરતાં કેમિકલ ફેક્ટરીના માલિકે લાખો ગુમાવ્યા

અમદાવાદ શહેરના થલતેજમાં રહેતા એક કેમિકલની ફેક્ટરીના માલિકનો ફોન હેક કરીને સાયબર ગઠિયાએ 2.36 લાખ ટ્રાન્સફર કરી લીધા છે. ગઠિયાએ મોબાઈલમાં પરિવહનનો એક ફેક ટેક્સ્ટ મેસેજ મોકલ્યો હતો. જેમાં આપેલી લિંક ઓપન કરીને એપ ઈન્સ્ટોલ કરતા ફેકટરી માલિકનો મોબાઈલ હેક થયો હતો. આ પછી 10 ટ્રાન્સેકશન કરીને 2.36 લાખ ટ્રાન્સફર કરી લીધા હતા.બોડકદેવ પોલીસે સાયબર ફ્રોડ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. થલતેજમાં રહેતા અને છત્રાલ ખાતે કેમિકલ ફેક્ટરી ચાલતા નિસર્ગભાઈ ચવાડિયાએ ફરિયાદ નોંધાવી છે કે 3 સપ્ટેમ્બરના રોજ તેમના મોબાઈલમાં પરિવહન તરફથી ટ્રાફિક મેમાનો એક ટેક્સ્ટ મેસેજ આવ્યો હતો.

### ઈસનપુર-ઘોડાસર બ્રિજ નજીકથી 14.64 લાખના મુદ્દામાલ સાથે દારૂનો જથ્થો ઝડપાયો

ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદ શહેરમાં દારૂબંધીના કાયદાના લીરેલીરા ઉડાડતા બૂટલેગરો સામે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે લાલ આંખ કરી છે. ઈસનપુર-ઘોડાસર બ્રિજ નજીક નરોડા-નારોલ હાઈવે પરથી પસાર થઈ રહેલી એક શંકાસ્પદ હ્યુન્ડાઈ ક્રેટા કારને આંતરીને ક્રાઈમ બ્રાન્ચે ગેરકાયદેસર વિદેશી દારૂ અને બિયરના મોટા જથ્થા સાથે બે શાતિર તસ્કરોને દબોચી લીધા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે, નરોડા-નારોલ હાઈવે પરથી ઈસનપુર ચાર રસ્તા તરફ એક સફેદ રંગની હ્યુન્ડાઈ ક્રેટા કારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઘુસાડવામાં આવી રહ્યો છે. બાતમી મળતાં જ ક્રાઈમ બ્રાન્ચે ઈસનપુર-ઘોડાસર બ્રિજ નજીક વોચ ગોઠવી દીધી હતી. શંકાસ્પદ કાર ત્યાંથી પસાર થતાં જ પોલીસે ઘેરાબંધી કરીને કારને રોકી લીધી હતી.

### કાંકરિયાની દીવાન-બલ્લુભાઈ શાળામાં ગણેશોત્સવ ઉજવાયો:બાળકોએ આરતી કરી, સંસ્કૃતિ પ્રત્યે આદર કેળવાયો

અમદાવાદના કાંકરિયામાં આવેલી દીવાન-બલ્લુભાઈ પૂર્વ પ્રાથમિક શાળામાં ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગણેશોત્સવ ઉજવાયો. આ કાર્યક્રમ આનંદ અને ઉત્સાહ સાથે કરવામાં આવ્યો હતો. તેની શરૂઆત ભગવાન શ્રી ગણેશજીની આરતીથી થઈ હતી. ગણેશોત્સવ ઉજવવાનો મુખ્ય હેતુ બાળકોમાં સમૂહભાવના, ધાર્મિક ભાવના અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર કેળવવાનો હતો. નર્સરી, શિશુવર્ગ અને બાળવર્ગના બાળકોએ તેમાં ઉત્સાહથી ભાગ લીધો. બાળકોએ ગણેશજી પ્રત્યે શ્રદ્ધા બતાવી અને ભક્તિભાવ સાથે ગણેશ વિસર્જન પણ કર્યું. આખા કાર્યક્રમ દરમિયાન શાળામાં ભક્તિમય અને આનંદનું વાતાવરણ હતું. બાળકોએ ઉત્સાહથી ભાગ લેતા કાર્યક્રમ વધુ સારો બન્યો. કાર્યક્રમના અંતે, આચાર્ય બિપીનચંદ્ર પંચાલે બાળકોને આશીર્વાદ આપ્યા અને શુભકામનાઓ પાઠવી. તેમણે ગણેશજીના આશીર્વાદથી સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે તેવી ઈચ્છા વ્યક્ત કરી.

### શાહપુરની અખંડાનંદ સ્કૂલમાં 'નમો કે નામ' રક્તદાન કેમ્પ યોજાયો : શિક્ષકો, કર્મચારીઓ અને DEO કચેરીની ટીમે રક્તદાન કર્યું

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે અલગ અલગ કાર્યક્રમો થકી ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદ શહેરની શાળાઓમાં નમો કે નામ રક્તદાન કેમ્પ યોજવામાં આવી રહ્યો છે. શાહપુર વિસ્તારમાં આવેલી અખંડાનંદ શૈક્ષણિક સંકુલમાં પણ રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો છે. અંદાજે 250 કરતા વધુ લોકો રક્તદાન કરે તેવો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. તેમજ જે પણ રક્ત એકત્ર થશે તે થેલેસેમિયાના દર્દીઓને આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મ દિવસે નિમિત્તે અલગ અલગ સેવાના કાર્ય થઈ રહ્યા છે. ત્યારે થેલેસેમિયાના દર્દીઓને રક્ત માટે હાલાકી ન પડે તે માટે રેડ ક્રોસ સોસાયટીને સાથે લઈને અખંડાનંદ સ્કૂલ દ્વારા રક્તદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો.

### નરોડા કોલેજ NSS વિભાગે CPR તાલીમ કાર્યક્રમ યોજ્યો: વિદ્યાર્થીઓને અપાઈ તાલીમ

અમદાવાદના આનંદનગરમાં 9 ફોનની ચોરીનો ભેદ ઉકેલાયો છે. પોશ વિસ્તારમાં આવેલા બંગ્લોની બહાર સુતેલા લોકોને ફોનની ચોરીના બનાવો વધતા આનંદનગર પોલીસે સીસીટીવી આધારે તપાસ કરીને પ્રકાશ ઉર્ફે બોબડો સોલંકી (રહે. વસ્ત્રાપુર)ને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી કુલ 9 ફોન કબજે કર્યા છે. આરોપી પ્રકાશ ઉર્ફે બોબડો સોલંકી અગાઉ પણ નવેક ગુનામાં પોલીસના હાથે ઝડપાયો હોવાનો ગુનાઈત ઈતિહાસ સામે આવ્યો છે. ત્યારે આરોપીએ અન્ય કોઈ વિસ્તારમાં ચોરીને અંજામ આપ્યો છે કે નહિ તે બાબતે પણ પોલીસે તપાસ હાથ ધરી છે મેમનગર તળાવની સામે આવેલી આર.એમ.એસ સોસાયટીમાં રહીને એકલવાયું જીવન જીવતા કિરીટભાઈ પટેલ ગત તા.5મીએ ઘોડાસર ખાતે રહેતી પુત્રી હેમાંગિનીબેનના ઘરે ગયા હતા.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI